# જીવથી શિવ તરફ



વૈરાગ્યવારિધિ આયડતીર્થોદ્ધારક

પ. પૂ. આ. શ્રીમદ્ વિજય ફુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

## પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની

## લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૧. શ્રી કલ્પસૂત્ર- અક્ષરગમનિકા (પ્રતાકાર)
૨. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ -સંસ્કૃત (પ્રતાકાર)
૩. શ્રી આચારાઙ્ગ સૂત્ર- અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૪. શ્રી આચારાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૫. શ્રી સૂત્રકૃતાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (પ્રથમ શ્રુત સ્કન્ધ)
૬. શ્રી સૂત્રકૃતાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૭. શ્રી શ્રાદ્ધ-જીતકલ્પ (પ્રતાકાર)
૮. નવ્ય યતિજીતકલ્પ (પ્રતાકાર)
૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૧૦. શ્રી પઞ્ચકલ્પભાષ્યચૂર્ણિ
૧૧. ન્યાયાવતાર -સટીક
૧૨. મુહપત્તિ ચર્ચા
૧૩. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ (ગુજરાતી)
૧૪. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ ( સટીક)
૧૫. શ્રી માર્ગપરિશુદ્ધિ પ્રકરણ (સટીક)
૧૬. સુલભ ધાતુરૂપ કોશ (ભાગ ૧-૨-૩)
૧૭. સંસ્કૃત શબ્દ રૂપાવલી
૧૮. સંસ્કૃત અઘિતનાદિ રૂપાવલી
૧૯. સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા (સંસ્કૃત બુક -૧)
૨૦. સુબોધ સંસ્કૃત મન્દિરાન્ત: પ્રવેશિકા (સંસ્કૃત બુક -૨)
૨૧. કર્મ નચાવત તિમહી નાચત (ગુજરાતી)
૨૨. સુખી જીવનની માસ્ટર કી (ગુજરાતી)
૨૩. જીવ થી શિવ તરફ (ગુજરાતી)
૨૪. તત્ત્વની વેબસાઈટ (ગુજરાતી)
૨૫. ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ (ગુજરાતી)

।। શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ ।।

# જીવથી શિવ તરફ

સિદ્ધાંત મહોદધિ
સ્વ.પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.
ના શિષ્ય રત્ન
પ.પૂ. વૈરાગ્ય વારિધિ આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ફુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

## ❖ પ્રાપ્તિ સ્થાન ❖

### ❖ દિવ્ય દર્શન કાર્યાલય ❖

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭૮૧૦. જિ. અમદાવાદ (ગુ.)
ફોન : ૦૨૭૪૧૪-૨૨૫૪૮૨, ૨૨૫૯૮૧

### ❖ ડૉ .સંજયભાઇ શાહ ❖

**મેઘ મયુર ગ્રુપ ઓફ કંપની**
O/B/5, ત્રિભુવન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ,
સુરત - ૩૯૫૦૦૭ ફોન : ૦૨૬૧-૨૬૬૯૭૧-૪
મો.: ૯૮૨૫૧ ૨૧૪૫૫

### ❖ શ્રી બાબુભાઇ સરેમલજી ❖

શ્રી આશાપુરા જૈન જ્ઞાન ભંડાર, હીરા જૈન સોસાયટી,
રામવાડી, સાબરમતી
અમદાવાદ(ગુજ.) મો: ૯૪૨૬૫૮૫૯૦૪

### ❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.તપ.જૈન સંઘ ❖

**માતુશ્રી જયાલક્ષ્મી આરાધના ભવન**
115, ડો. મનુભાઇ પી. વૈધ માર્ગ, તિલક રોડ
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૭૭.
સંપર્ક : મોબાઇલ નં. : કીર્તિભાઇ : ૯૮૨૦૭૬૫૦૯૮
રોહીતભાઇ : ૯૮૯૨૦૮૧૪૩૯


**-:મુદ્રક :-**
રાજુલ આર્ટસ, ઘાટકોપર મો. ૯૮૬૯૦૭૦૬૮૩,૯૮૬૯૩૯૦૨૮૫

# સમર્પણ .....

# સમર્પણ....

# સમર્પણ....

**પરમ પૂજ્ય ગુરદેવને સમર્પણ**

શિલ્પી બની અનેક સાધુઓને ઘડનારા,

જિનશાસનને વિશાળ સાધુ સમુદાયની ભેટ ધરનારા

વિપુલ કર્મ-સાહિત્યનું નવ-નિર્માણ કરનારા,

ઉત્કૃષ્ટ નિર્મલ સંયમનું પાલન કરનારા,

એવા સિદ્ધાંત મહોદધિ,

કર્મ સાહિત્ય નિષ્ણાત

પરમ પૂજ્ય આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના**

કરકમલમાં સાદર સમર્પણ

**પ.પૂ.આ.શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

ચૈત્ર વદ ૨, સંવત ૨૦૭૨

(પૂજ્યશ્રીનો સંયમ -સુવર્ણ દિન)

# અનુમોદના...

**સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્ય નિષ્ણાત**

**પ. પૂ. આચાર્યદેવ**

**શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ની**

**સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ**

(૨૦૨૪-૨૦૭૪) નિમિત્તે તથા

વૈરાગ્યવારિધિ, આયડ તીર્થોદ્ધારક

પ.પૂ.આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના**

**૫૦ વર્ષના** સંયમ જીવનના (૨૦૨૩-૨૦૭૩)

સુવર્ણ અવસરે આ પુસ્તકના લાભાર્થી

**કોરડીયા ધુડીબેન કેશવલાલ રામચંદભાઇ**

**કોરડીયા જાસુબેન રમણીકલાલ (વાવ)**

**પ્રવિણભાઇ -ભરતભાઇ**

**કોકીલાબેન - લલિતભાઇ**

# પરાગરજ

મોક્ષ !

તમારે ત્યાં જવું છે ?

"હા........"

તો શરૂઆત કરો દરેક જીવ-અજીવની માહિતી મેળવવાની.

પછી,

આરાધના કરો બધાય જીવોને અભયદાન બક્ષતા

સંયમજીવનની.

જેથી,

તમારો મોક્ષ રિઝર્વ થઈ જાય......

અને કાળક્રમે તમે પહોંચી જશો મુક્તિધામમાં

**ફુલની સમીપ આવે છે ભમરો, જરૂર છે ભમરાને.**

**દુકાનદારની પાસે આવે છે ગ્રાહક, જરૂર છે ગ્રાહકને.**

**ગુરુની નિશ્રામાં આવે છે શિષ્ય, જરૂર છે શિષ્યને.**

**બસ...... આ જ રીતે**

**મોક્ષની નજીક આવે છે વ્યક્તિ, જરૂર છે વ્યક્તિને.**

**મોક્ષ ! મોક્ષ ! મોક્ષ ! મોક્ષ ! પલ પલ ઝંખુ એક જ મોક્ષ !**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જીવસિદ્ધિ | ૧ |
| ૨. | સ્થાવર જીવ | ૭ |
| ૩. | ત્રસ જીવ | ૧૫ |
| ૪. | મનુષ્ય લોક | ૨૮ |
| ૫. | દેવ | ૩૭ |
| ૬. | જ્યોતિષ્ક દેવ | ૪૧ |
| ૭. | વૈમાનિક દેવ | ૪૩ |
| ૮. | અવગાહના | ૪૮ |
| ૯. | આયુષ્ય | ૫૫ |
| ૧૦. | આયુષ્ય દ્વારા | ૫૯ |
| ૧૧. | કાયસ્થિતિ | ૭૦ |
| ૧૨. | પ્રાણ | ૭૨ |
| ૧૩. | યોનિ પ્રમાણ | ૭૬ |
| | સિદ્ધ જીવ | ૭૭ |

# ૧

# જીવસિદ્ધિ

વિશ્વ જીવ અને અજીવ પદાર્થોનો સમુદાય છે, જે કાળની અપેક્ષાએ અનાદિ અનંત છે. અહીં જીવ-વિજ્ઞાન પ્રસ્તુત થવાથી જીવ-પદાર્થ સંબંધી વાતો કરીશું.

કેટલાક લોકો જીવતત્ત્વ-આત્મતત્ત્વમાં નથી માનતા, પરંતુ જ્યારે પોતાની અંદર રહેલા જ્ઞાન, સુખ આદિનો જેને પ્રત્યક્ષ અનુભવ થાય છે, વિચાર કરે છે ત્યારે આ ગુણરૂપ પદાર્થોનો ખ્યાલ આવે છે.

જ્યારે આ ગુણરૂપ છે તો તેનો કોઈ આધાર ગુણીદ્રવ્ય હોવો જોઈએ અને આ આધારભૂત દ્રવ્ય કોઈ ભૌતિક વસ્તુ ન હોઈ શકે.

કારણ કે,

જ્ઞાન,સુખ આદિમાં અને ભૌતિક વસ્તુમાં ઘણું અંતર છે. જેથી જ્ઞાન, સુખ આદિથી તાદાત્મ્ય--તન્મયતા--અભિન્નતા રાખનાર આત્મતત્ત્વને સ્વીકારવો અનિવાર્ય છે.

પ્રત્યક્ષ આદિ પ્રમાણ પણ નીચેની રીતે આત્મસિદ્ધિના સાધક છે.

## પ્રત્યક્ષ પ્રમાણ

હું મારા બાળપણમાં ગામની પ્રાથમિક શાળામાં ભણતો હતો, અત્યારે અમુક નગરની વિદ્યાલયમાં ભણી રહ્યો છું અને આગલા વર્ષે અમુક શહેરની કૉલેજમાં ભણીશ, વગેરે ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણેય કાળના અનુભવમાં 'હું'નો જે અનુભવ છે તે આત્માનો પ્રત્યક્ષ અનુભવ છે.

કારણ કે,

આત્મા ત્રણેય કાળમાં તદવસ્થ--પરિવર્તન રહિત છે. ઉપર્યુક્ત

અનુભવ શરીરનો થઈ શકતો નથી.

કારણ કે,

શરીર તો પરિવર્તનશીલ છે.

## અનુમાન પ્રમાણ

જેમ થાળીમાં પીરસેલું ભોજન તેના ભોક્તાની સિદ્ધિ કરે છે,

તેમજ શરીર, ઈન્દ્રિય અને અંગોપાંગ વપરાશની વસ્તુ છે તો તેનો કોઈ વાપરનાર હોવો જ જોઈએ અને તે આત્મા સિવાય અન્ય કોઈ હોઈ શકે?

અર્થાત્

આત્મા જ તેને વાપરનાર હોઈ શકે છે.

## આગમ પ્રમાણ

अणिंदियगुणं जीवं दुन्नेयं मसचक्खुणा।

सिद्धा पस्संति सव्वन्नू नाणसिद्धा य साहुणो ॥ १ ॥

**અર્થ** :-આત્મા અતીન્દ્રિય છે, ચર્મક્ષુથી દુર્ગમ્ય છે, સિદ્ધ પરમાત્મા અને શરીરધારી કેવલી તેને જુએ છે. //૧// (આગમ) //

" आत्मा रे ज्ञातव्यो मंतव्यो निदिध्यासितव्यः " (ઉપનિષદ્)

**અર્થ** :- આત્માને ઓળખવો જોઈએ, માનવો જોઈએ અને તેને જોવાની, પ્રત્યક્ષ અનુભવની ઈચ્છા કરવી જોઈએ.

" पुनरयं समो मशके नागे च "

**અર્થ** :- આ આત્મા મચ્છર અને હાથીમાં સમાન છે.

" न हिंस्यात् सर्वभूतानि "

**અર્થ** :- કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ.

સર્વ જીવોને આત્મતુલ્ય સમજીને તેની રક્ષા કરવી જોઈએ.

ઉપરોક્ત વેદ વાક્યો જીવ-આત્માના સમર્થક છે.

## જીવનું વિવેચન

પ્રત્યક્ષ આદિ અનેક પ્રમાણોથી સિદ્ધ જીવ પદાર્થની વ્યુત્પત્તિ, લક્ષણ, કાળ, સ્વરૂપ, પરિમાણ, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શના, પર્યાયવાચી નામ, સ્વામિત્વ, ભેદ-પ્રભેદ આદિ વિશે જાણવું આવશ્યક છે.

**વ્યુત્પત્તિ**-અનાદિ ભૂતકાળમાં જે જીવન જીવતો રહ્યો, વર્તમાનકાળમાં જીવન જીવી રહ્યો છે અને અનંત ભવિષ્યકાળમાં જીવન જીવશે તેને જીવ કહે છે.

**લક્ષણ**-ચેતના જીવનું લક્ષણ છે. એટલે કે ચેતના સહિત જીવ છે અને ચેતના રહિત અજીવ છે.

**કાળ**-કાળથી જીવ અનાદિ અનંત છે. તે આકાશની જેમ કદી ઉત્પન્ન થયો નથી અને તેનો કદી વિનાશ પણ થઈ શકતો નથી.

**સ્વરૂપ**-અમૂર્ત અરૂપી છે. અનંત, જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા આનંદમય છે.

**પરિમાણ**-પ્રત્યેક જીવ મધ્યમ પરિમાણવાળો છે.

પરમાણુ સમાન અત્યંત સૂક્ષ્મ નથી અને અનંત આકાશ સમાન સર્વવ્યાપી પણ નથી.

સંસારી અવસ્થામાં સંકોચ-વિકાસશીલ હોવાથી પણ સ્વદેહ પ્રમાણ રહે છે.

હાથીના જન્મમાં હાથી પ્રમાણ અને કીડીના જન્મમાં કીડી પ્રમાણ રહે છે.

મુક્તાવસ્થામાં અંતિમ શરીરના બે તૃતીયાંશ પ્રમાણ અવગાહના-ક્ષેત્રમાં રહે છે. પ્રત્યેક જીવના અસંખ્ય આત્મપ્રદેશ છે. આ આત્મ-પ્રદેશ લોકાકાશની બરાબર સંખ્યાવાળા છે.

**અનંત આત્માઓ**-કેટલાક લોકો એક જ આત્મા માને છે.

પરંતુ,

પ્રત્યેક વ્યક્તિનો આત્મા અલગ-અલગ હોય છે. જો સર્વેના આત્માઓ અલગ-અલગ ન હોય તો પ્રત્યેક વ્યક્તિને બીજાના વિચારોનું જ્ઞાન હોવું જોઈએ.

એક વ્યક્તિને સુખ કે દુઃખ થવાથી તેનો અનુભવ બધાને થવો જોઈએ, પરંતુ આવું થતું નથી. તેનાથી સાબિત થાય છે કે આપણા બધામાં એક જ આત્મા નથી પરંતુ અલગ-અલગ છે, તેથી અનંત આત્માઓ છે.

**ક્ષેત્ર**-આ જીવ લોકમાં રહેલા છે. અલોક આકાશ માત્ર છે. ત્યાં આકાશ સિવાય બીજું કંઈ જ નથી.

**સ્પર્શના**-જીવ સ્પર્શના દ્વારા લોકથી લાગેલ અલોકના કેટલાક અંશ-વિભાગને સ્પર્શી લે છે.

**પર્યાયવાચી પ્રસિદ્ધ નામ**-સર્વ આસ્તિકને સંમત આ જીવ પદાર્થ જુદા-જુદા નામોને ધારણ કરે છે, જેને પર્યાયવાચી-સમાન અર્થવાળા નામ કહેવાય છે.

જેમ કે - આત્મા, ક્ષેત્રજ્ઞ, પુરુષ, ચેતન, ભવી, શરીરી, જન્યુ, જન્તુ અને પ્રાણી.

**સ્વામિત્વ**-સર્વ જીવો તાત્ત્વિક દૃષ્ટિએ સ્વતંત્ર અને સમાન છે. કોઈ કોઈનો સ્વામી નથી કે સેવક નથી.

કોઈ કોઈનાથી મોટું નથી કે નાનું નથી. સ્વામી-સેવક આદિ ભાવ માત્ર વ્યવહારમાં છે.

## જીવના ભેદ-પ્રભેદ

જીવના બે પ્રકાર છે. એક મુક્ત અને બીજો સંસારી.

મુક્ત એટલે જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મોના બંધનથી સર્વથા મુક્ત સિદ્ધ પરમાત્મા.

જ્ઞાનાવરણીયાદિ કર્મોની બેડીઓમાં જકડાયેલા અને દેવ, મનુષ્યાદિ ગતિઓમાં ગમન કરનાર સંસારી.

જીવ

મુક્ત    સંસારી

સંસારી જીવ એક ઈન્દ્રિયથી પાંચ ઈન્દ્રિયવાળા હોય છે.

તેમાં એક સ્પર્શેન્દ્રિય=ત્વચા માત્રને ધારણ કરનાર - એકેન્દ્રિય જીવ સ્થાવર-સ્થિર રહેવાના સ્વભાવવાળા કહેવાય છે. આ જીવો સ્વેચ્છાએ ચાલી શકતા નથી. આ જીવોને ફક્ત સ્પર્શેન્દ્રિય એટલે કે ફક્ત શરીર હોય છે. જીભ, નાક, આંખ અને કાન હોતા નથી.

તથા બે, ત્રણ આદિ ઈન્દ્રિયોને ધારણ કરનાર ત્રસ કહેવાય છે. આ જીવો સ્વેચ્છાએ હલનચલન કરી શકે છે,ગમનાગમન કરી શકે છે.

આ રીતે સંસારી જીવોના મુખ્ય બે ભેદ થાય છે. (૧) ત્રસ અને (૨) સ્થાવર

**સંસારી જીવ**

ત્રસ    સ્થાવર

ઈન્દ્રિઓની ગણતરી આપણા મોંના દાઢીના હિસ્સાથી લગાવીને કાન સુધીનો જે ક્રમ છે તેજ ક્રમથી સમજવું.

જેમકે એકેન્દ્રિય જીવોને એકલી સ્પર્શેન્દ્રિય-ત્વચા.

બેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય=જીભ.

તેઈંદ્રિય જીવોને આ બે સિવાય ઘ્રાણેન્દ્રિય-નાક.

ચઉરિન્દ્રિય જીવોને ચક્ષુ=આંખ વધુ અને,

પંચેન્દ્રિય જીવોને ઉપર્યુક્ત ચાર તથા શ્રોત્રેન્દ્રિય-કાન વધુ હોય છે.

આ રીતે સંસારી જીવોના પાંચ પ્રકાર પણ છે. એકેન્દ્રિય,

બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય.

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ જીવના પર્યાયવાચી-સમાનાર્થી નામ લખો.

પ્રશ્ન-૨ જીવના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

પ્રશ્ન-૩ મુક્ત અને સંસારી જીવ કોને કહે છે ?

પ્રશ્ન-૪ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોને કઈ - કઈ ઈન્દ્રિયો હોય છે ?

પ્રશ્ન-૫ સંસારી જીવોના પાંચ પ્રકાર કયા-કયા છે ?

પ્રશ્ન-૬ પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને આગમ પ્રમાણથી આત્મસિદ્ધિ કેવી રીતે થાય છે ?

પ્રશ્ન-૭ સંસારી જીવોના મુખ્ય બે ભેદ જણાવો.

---

અહિંસાને આપણે
પરમધર્મ અને
ચરમધર્મ માનીએ છીએ
એની
ખાતરી તો ત્યારે જ થાય કે
જયારે અહિંસાને
આપણે જીવનધર્મ
બનાવી દીધી હોય !

# ૨

# સ્થાવર જીવ

સ્થાવર-એકેન્દ્રિય જીવોના શરીર પૃથ્વી રૂપ હોય છે, પાણી રૂપ હોય છે, અગ્નિ રૂપ હોય છે, વાયુ રૂપ હોય છે તથા વનસ્પતિ રૂપ પણ હોય છે.

**પૃથ્વી** - પૃથ્વી રૂપ દેહને ધારણ કરનાર જીવ પૃથ્વીકાય કહેવાય છે.

**જળ** - અપ્-પાણી રૂપ દેહને ધારણ કરનાર જીવ અપ્કાય કહેવાય છે.

**અગ્નિ** - તેજસ્ રૂપ શરીરને ધારણ કરનાર જીવ તેઉકાય કહેવાય છે.

**વાયુ**- વાયુ રૂપ શરીરને ધારણ કરનાર જીવ વાયુકાય કહેવાય છે.

**વનસ્પતિ** - વનસ્પતિ રૂપ શરીરને ધારણ કરનાર જીવ વનસ્પતિકાય કહેવાય છે.

આ રીતે સ્થાવર જીવોના પૃથ્વીકાય આદિ મુખ્ય પાંચ ભેદ છે.

અહીં ધ્યાન રહે કે પાણીની અંદર ઉત્પન્ન થનાર 'પોરા' આદિ જંતુ અલગ છે. પાણી સ્વયં અપ્કાયના જીવોનું શરીર છે.

અતિ સૂક્ષ્મ તથા બારીક બિંદુના પણ અસંખ્યાતમા ભાગનું શરીર પાણીના એક જીવનું છે. અને આ અસંખ્ય જીવો ભેગા થાય ત્યારે એક બિંદુ રૂપે આપણી નજરમાં આવે છે.

લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે પાણીને ગાળવા છતાં એક બિંદુમાં જે સૂક્ષ્મ જીવ હોય છે તે કદાચ ભમરા જેટલા મોટા હોય તો ત્રણલોકમાં પણ ન સમાય ! !

આ જ વાત પૃથ્વી-તેઉ અને વાયુકાય માટે પણ સમજવી

વાયુકાયના જીવ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતા નથી, સ્પર્શથી તેમનો

અનુભવ થાય છે.

નિગોદ રૂપ વનસ્પતિ માટે એટલું વિશેષ સમજવું કે સૂક્ષ્મ કણ પ્રમાણ એક શરીરને અલગ-અલગ અનંત જીવ ધારણ કરે છે. એટલા માટે આ જીવોને સાધારણ વનસ્પતિકાય અથવા અનંતકાય કહેવાય છે.

આ અનંતકાય જીવોના અનેક ભેદ છે, જેમાંથી કેટલાક નામ સહિત કોષ્ટકમાં બતાવીશું. આ બધાને જાણવા માટે શાસ્ત્રમાં બતાવેલ ત્રણ લક્ષણોને ધ્યાનમાં રાખવાઃ

૧. નસ, જોડ તથા ગાંઠ અસ્પષ્ટ હોય, સંતાયેલ હોય.
૨. કાપવાથી સમાન ભાગમાં કપાય.
૩. કાપીને વાવવાથી પણ ઉગે.

જે વનસ્પતિના એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેક વનસ્પતિ કહે છે. જેમ કે, ફળ, ફૂલ, છાલ,તંતુ, મૂળ, શાખા, વૃક્ષ, પાંદડા, બીજ વગેરે.

અહીં ધ્યાન રહે કે વૃક્ષમાં તેનો પોતાનો એક જીવ મુખ્ય હોવાથી પણ ફળ, ફૂલ આદિમાં અલગ અલગ જીવ હોય છે.

આ પાંચેય સ્થાવર બાદર ભેદોના જીવોમાં શું-શું ગણાય છે તેનું કોષ્ટક આ પ્રમાણે છે.

## કોષ્ટક નંબર--૧

| સ્થાવર જીવોના બાદર ભેદ | |
|---|---|
| પૃથ્વીકાય - | માટી, ખડી, મીઠું, ક્ષાર, પથ્થર, સુવર્ણ, લોખંડ આદિ ધાતુઓ. પારો, પ્રવાળ, રત્ન, સ્ફટિક, મનશિલ, અભ્રક, તેજંતૂરી આદિ. |
| અપ્કાય - | કૂવો, નદી, તળાવ, ઝરણું તથા વરસાદનું પાણી, બરફ, ઓસ, ધુમ્મસ, ઘનોદધિ વગેરે. |
| તેઉકાય - | અંગારા, જ્વાળા, ચિનગારી, આકાશમાંથી પડનાર |

અંગારા અને અગ્નિકણ, વિજળી વગેરે.

વાયુકાય - ઘાસ આદિને ઉપર લઈને ઉડતો વાયુ, નીચેની બાજુ વહેતો વાયુ, ચક્રવાત્ એટલે કે બવંડર, પ્રચંડવાયુ, ગુંજન કરતો વાયુ, શીતળ અને મંદ-મંદ વહેતો વાયુ, ઘનવાત તનવાત વગેરે.

**સાધારણ વનસ્પતિ-અનંતકાય** - ડુંગળી, લક્ષણ, આલૂ, ગાજર, મૂળા, શકરકંદ, પીળી હળદર,અદરખ, સૂરણ, પાલકભાજી, થેક, ફફૂંદી, સેવાળ, નાગરમોથા, છત્રક, કુચલા, બધા પ્રકારના કોમળ ફળ, અસ્પષ્ટ નસ અને સાંધાવાળા શણ આદિના પાંદડા, કાપીને વાવવાથી પણ ઉગનાર ગ્વારપાઠા, અમરવેલ, ગિલોય, ગૂગલ, થોર આદિ.

**પ્રત્યેક વનસ્પતિ** - વૃક્ષ, ધાન્ય, બીજ, પાંદડા, પુષ્પ, ફળ, છાલ, આદિ.

પ્રત્યેક વનસ્પતિને છોડીને ઉપર્યુક્ત પૃથ્વીકાય આદિ પાંચેયના સૂક્ષ્મ અને બાદર એમ બે-બે ભેદ છે, પરંતુ પ્રત્યેક વનસ્પતિકાય માત્ર બાદર છે.

પૃથ્વીકાય અપ્-તેઉ-વાયુ અને સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ જીવોથી સંપૂર્ણ લોક વ્યાપ્ત છે-ભરેલો છે. આ જીવ ચર્મચક્ષુથી આપણા જેવા છદ્મસ્થો માટે અદૃશ્ય છે. સ્પર્શાદિના પણ વિષય હોતા નથી. જેથી તેમની હિંસા (દ્રવ્યથી) થઈ શકતી નથી.

એટલે કે આ જીવ શસ્ત્રાદિથી અચ્છેદ્ય અને અભેદ્ય છે. તેમનું આયુષ્ય માત્ર અંતર્મુહૂર્ત ૨ ઘડીથી પણ ઓછું એટલે કે ૪૮ મિનિટથી ઓછું છે.

આ પ્રમાણે પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને સાધારણ વનસ્પતિ-કાય આ પાંચેયના સૂક્ષ્મ અને બાદર એમ બે-બે ભેદોની ગણનાથી ૫+૨=૧૦ ભેદ તથા પ્રત્યેક વનસ્પતિનો એક માત્ર બાદર ભેદ મળીને ૧૦+૧=૧૧ ભેદ થાય છે.

## કોષ્ટક નંબર - ૨

### સ્થાવરના ભેદ

- પૃથ્વીકાય
  - → સૂક્ષ્મ
  - → બાદર
- અપ્કાય
  - → સૂક્ષ્મ
  - → બાદર
- તેઉકાય
  - → સૂક્ષ્મ
  - → બાદર
- વાયુકાય
  - → સૂક્ષ્મ
  - → બાદર
- વનસ્પતિકાય
  - સાધારણ
    - → સૂક્ષ્મ
    - → બાદર
  - પ્રત્યેક

આ ૧૧ ભેદોમાં એક-એકના પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદોની ગણનાથી સ્થાવર જીવોના કુલ ૧૧ x ૨=૨૨ ભેદ થાય છે.

## પર્યાપ્તિ

પુદ્ગલોના સંચયથી ઉત્પન્ન થઈ પુદ્ગલોને ગ્રહણ કરવાની તથા તેમનું પરિણમન કરવાની શક્તિને પર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિ છ પ્રકારની હોય છે. તેમાં સ્વ-પ્રાયોગ્ય પર્યાપ્તિઓને જે જીવ પૂર્ણ કરનાર હોય અથવા જેમણે પૂર્ણ કરી લીધી હોય તે પર્યાપ્ત કહેવાય છે.

આ જ પ્રમાણે જે જીવોએ પોતાની યોગ્ય પર્યાપ્તિઓને પૂર્ણ કરી નથી અથવા જે જીવ પૂર્ણ કરનાર ન હોય એટલે કે પર્યાપ્તિઓ પૂર્ણ કરવા પહેલાં જ મૃત્યુ પામે તે અપર્યાપ્ત કહેવાય છે.

## છ પર્યાપ્તિઓનું સ્વરૂપ

જીવનું એક જન્મનું આયુષ્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે તે શરીરથી છૂટતા પહેલા પૂર્વે બાંધેલ આયુષ્ય તથા ગતિના અનુસારે તે બીજો

જન્મ પામે છે.

બીજા જન્મમાં આવતાં જ પ્રથમ કાર્ય ખાવાનું કરે છે એટલે કે આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે. સર્વ જીવોની આ આહાર પર્યાપ્તિ ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ પૂર્ણ થઈ જાય છે.

પૂર્વ જન્મથી કર્મોના સમૂહ-કાર્મણ શરીરની જેમ તેજસ્ શરીરને પણ જીવ પોતાની સાથે લાવે છે. તેના દ્વારા ગ્રહણ કરેલા આહારના પુદ્ગલોને પચાવીને રસ- રુધિર આદિ સ્વરૂપ શરીર બનાવે છે.

સર્વ જીવોને આ શરીર પર્યાપ્તિ એક અંતર્મુહૂર્તમાં પૂરી થઈ જાય છે અને શરીરના તેજસ્વી પુદ્ગલોથી ઈન્દ્રિયો બને છે.

જન્મથી જ પ્રતિસમય આહાર ગ્રહણ કરવાનું, શરીર બનાવવાનું તથા સ્વ-સ્વ-પ્રાયોગ્ય ઈન્દ્રિયોને બનાવીને દૃઢ કરવાનું કાર્ય ચાલુ રહે છે.

અંતર્મુહૂર્ત બે ઘડીથી એટલે કે ૪૮ મિનિટથી પણ ઓછા કાળમાં શરીર તથા ઈન્દ્રિયોને બનાવવાની શક્તિ પ્રાપ્ત થઈ જાય છે.

સાથે સાથે શ્વાસોચ્છ્વાસના પુદ્ગલોને લઈને શ્વાસોચ્છ્વાસની શક્તિ પણ જીવ પ્રાપ્ત કરી લે છે.

એકેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ મળીને કુલ ચાર પર્યાપ્તિઓ થાય છે.

બેઈદ્રિય, તેઈદ્રિય  આદિ જીવોને જીભની પ્રાપ્તિ થાય છે. એટલા માટે જીવ ભાષાના પુદ્ગલ લઈને ભાષા રૂપ બનાવવાની શક્તિ ભાષા-પર્યાપ્તિને પ્રાપ્ત કરે છે.

તથા સંજ્ઞી એટલે કે સંજ્ઞાવાળા. સંજ્ઞાનો અર્થ છે--ભૂત-ભવિષ્યના કાર્ય-કારણ ભાવોને વિચારવાની શક્તિ. આ શક્તિથી યુક્ત મનવાળા પંચેન્દ્રિય જીવ મનના પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપ બનાવવાની શક્તિ=ચિંતનશક્તિ-મનપર્યાપ્તિને પ્રાપ્ત કરે છે.

આ રીતે આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને

મનની કુલ ૬ પર્યાપ્તિઓ પુદ્ગલના સહારાથી ઉત્પન્ન થાય છે.

આ પર્યાપ્તિઓમાંથી જીવ પોત-પોતાને યોગ્ય બધી પર્યાપ્તિઓને પર્યાપ્ત નામ કર્મના ઉદયથી પૂર્ણ કરે છે. આવા જીવને પર્યાપ્ત કહેવામાં આવે છે, કે જે જીવનભર પર્યાપ્તિઓના બળથી આહારાદિના પુદ્ગલોને ગ્રહણ તથા પરિણમન કરતા રહે છે.

પરંતુ,

અપર્યાપ્ત નામ કર્મના કારણે આ પર્યાપ્તિઓના પૂર્ણ થવાના પહેલાં જ જીવ કાળ કરી જાય છે, મૃત્યુ પામે છે. આવા જીવનને અપર્યાપ્ત કહેવાય છે.

આ પર્યાપ્તિઓ કયા કયા જીવને કેટલી હોય છે ? તેનું કોષ્ટક નીચે મુજબ છે.

## કોષ્ટક નંબર - ૩

| પર્યાપ્તિઓ તથા તેનો ઉત્તરોત્તર કાળ તથા સમુદિત કાળ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જીવ ભેદ | આહાર પર્યાપ્તિ | શરીર પર્યાપ્તિ | ઈન્દ્રિય પર્યાપ્તિ | શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ | ભાષા પર્યાપ્તિ | મનઃ પર્યાપ્તિ | કુલ |
| એકેન્દ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ |
| વિકલેન્દ્રિય બેઈંદ્રિય તેઈંદ્રિય ચઉરિંદ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૫ |
| સંજ્ઞી પંચેન્દ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| સ્વાભાવિક ઔદારિક શરીરવાળા | ઉત્પત્તિનો પ્રથમ સમય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત * |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મનુષ્ય-તિર્યંચોની પર્યાપ્તિ | | | | | | | |
| વૈક્રિય શરીર વાળા દેવ-નારક જીવોની પર્યાપ્તિ | ઉત્પત્તિનો પ્રથમ સમય | અંતર્મુહૂર્ત | ૧ સમય | ૧ સમય | ૧ સમય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| આહારક શરીર બનાવનાર મુનિઓની પર્યાપ્તિ | " | " | " | " | " | " | " |

* આ અંતર્મુહૂર્તને અધિક લાંબા કાળનું જાણવું.

<u>અસંજ્ઞી પંચન્દ્રિય</u> - ભૂત-ભવિષ્યના કાર્ય-કારણ ભાવને વિચારવાની શક્તિથી રહિત જીવ અસંજ્ઞી કહેવાય છે.

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ સ્થાવર - એકેન્દ્રિય જીવોના શરીર કેવા હોય છે ? તેના ભેદ જણાવો .

પ્રશ્ન-૨ અનંતકાય જીવોના ભેદને જાણવા માટે શાસ્ત્રમાં બતાવેલા લક્ષણો લખો.

પ્રશ્ન-૩ જીવનું એક જન્મનું આયુષ્ય પૂર્ણ થતાં કોના આધારે બીજો જન્મ પામે છે ?

પ્રશ્ન-૪ આહાર પર્યાપ્તિ ક્યારે પૂર્ણ થાય છે. ?

પ્રશ્ન-૫ બીજા જન્મમાં આવતાં જીવ પ્રથમ શું કાર્ય કરે છે. ?

પ્રશ્ન-૬ શરીર પર્યાપ્તિ ક્યારે પૂર્ણ થાય છે. ?

પ્રશ્ન-૭ ઇન્દ્રિયો કોનાથી બને છે. ?

પ્રશ્ન-૮ સંજ્ઞાનો અર્થ શું થાય છે.?

પ્રશ્ન-૯ ૭ પર્યાપ્તિઓના નામ આપો.

પ્રશ્ન-૧૦ શરીર તથા ઇન્દ્રિયોને બનાવવાની શક્તિ જન્મ પછી કેટલા સમયે પ્રાપ્ત થાય છે. ?

પ્રશ્ન-૧૧ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-કાય, સાધા. વનસ્પતિકાય અને પ્રત્યેક વનસ્પતિકાયના ભેદો લખો.

પ્રશ્ન-૧૨ વનસ્પતિના મુખ્ય ભેદ જણાવો.

પ્રશ્ન-૧૩ નિગોદ રૂપ વનસ્પતિની વિશેષતા જણાવો.

પ્રશ્ન-૧૪ સ્થાવરના મુખ્ય અને પેટા ભેદો લખો.

પ્રશ્ન-૧૫ સ્થાવરના ૧૧ ભેદ-પ્રભેદમાંથી ૨૨ ભેદ કેવી રીતે થાય છે. ?

---

માથાનો દુઃખાવો
પગ દાબવાથી દૂર થઈ જતો નથી,
કાનની બહેરાશ
આંખમાં સુરમો નાખવાથી
ટળતી નથી,
આંખનો મોતિયો કાનમાં
ટીપાં નાખવાથી ઉતરી જતો
નથી પણ હૃદયમાં જીવમાત્ર
પ્રત્યેના પ્રેમને પ્રતિષ્ઠિત
કરી દેતાની સાથે જ
કામ-ક્રોધ-લોભ-મોહ
વગેરે દોષો રવાના થવા લગે છે.

# 3

# ત્રસ જીવ

સ્થાવર જીવોના ભેદ--પ્રભેદ તથા પર્યાપ્તિઓના વિષયમાં આપણે જાણ્યું. હવે આપણે ત્રસ જીવોના ભેદ-પ્રભેદ પણ જાણીએ.

ત્રસ નામકર્મના ઉદયથી જીવ ત્રસ કહેવાય છે. ત્રસનો અર્થ ગતિ કરવી-હલન-ચલન કરવું એવો થાય છે. જે જીવ સ્વેચ્છાએ હલનચલન કરી શકે છે તે ત્રસ કહેવાય છે.

અહીં કોઈને શંકા થઈ શકે છે કે વાયુ નિરંતર ત્રાંસી દિશામાં ગતિશીલ હોય છે. તથા અગ્નિ પોતાની જ્વાળાઓથી ઊર્ધ્વ ગમન કરે છે તો અગ્નિ અને વાયુ પણ ત્રસકાયમાં ગણાવા જોઈએ. આનું સમાધાન એ છે કે તેમની ગતિ સ્વેચ્છાએ થતી નથી તથા ત્રસ નામ કર્મનો ઉદય પણ આ જીવોને નથી. પરંતુ સ્થાવર નામ કર્મનો ઉદય થવાથી તે સ્થાવર કહેવાય છે.

ઉપર્યુક્ત સ્વરૂપવાળા ત્રસ જીવોના મુખ્ય ચાર ભેદ છે. (૧) બેઈંદ્રિય, (૨) તેઈંદ્રિય, (૩) ચઉરિંદ્રિય, (૪) પંચેન્દ્રિય.

## વિકલેન્દ્રિય

બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિય જીવ, પંચેન્દ્રિયની અપેક્ષાએ અનુક્રમે ૩,૨ અને ૧ ઈન્દ્રિયથી વિકલ રહિત હોય છે. જેથી આ જીવ વિકલેન્દ્રિય પણ કહેવાય છે.

આ બેઈંદ્રિયાદિને સ્પર્શેન્દ્રિયથી અતિરિક્ત રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિયના ક્રમથી એક એક ઈન્દ્રિય વધુ હોય છે.

જેથી બે ઈંદ્રિયોવાળા બેઈંદ્રિય, ત્રણ ઈંદ્રિયોવાળા તેઈંદ્રિય અને

ચાર ઈંદ્રિયોવાળા ચઉરિંદ્રિય કહેવાય છે. આ ત્રણેયના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ૬ ભેદ થાય છે.

## કોષ્ટક નંબર - ૪

| વિકલેન્દ્રિયના ૬ ભેદ | | | | | |
|---|---|---|---|---|---|
| બેઈંદ્રિય | | તેઈંદ્રિય | | ચઉરિંદ્રિય | |
| પ. | અપ. | પ. | અપ. | પ. | અપ. |

આ ત્રણેય ભેદોમાં કયા કયા જીવ ગણાય છે તેનું કોષ્ટક નીચે મુજબ છે.

## કોષ્ટક નંબર - ૫

| વિકલેન્દ્રિય જીવ |
|---|
| બેઈંદ્રિય--શંખ, કોડી, ગણ્ડોલ (પેટમાં ઉત્પન્ન થનાર કૃમિ), જોંક, અક્ષ, કેંચુઓ, લહગ (વાસી અન્નમાં ઉત્પન્ન થનાર કીટ), ઘુણ, કૃમિ, પોરા, માતૃવાહ (ક્ષુદ્ર કીટ, જેને ચુડેલ કહેવાય છે.) વગેરે. |
| તેઈંદ્રિય--કાનખજૂરો, વંદો, જૂ, લીખ, દીમક, મંકોડા, ઢોલા (અન્નમાં ઉત્પન્ન થનાર કીટ), ઘીમેલ, સાવા(વાળના મૂળમાં થનાર ક્ષુદ્ર જંતુ), બધી ગદર્ભક (ગોશાળા વગેરેમાં ઉત્પન્ન થનાર ક્ષુદ્ર જંતુ), વિષ્ટાના કીડા, ધાન્યના કીડા, કુંથુ,ગોપાલિકા, ઈલિકા (ચોખામાં ઉત્પન્ન થનાર ક્ષુદ્ર જંતુ),ઈન્દ્રગોપ- ઈશ્વરની ગાય આદિ. |
| ચઉરિંદ્રિય--વીંછી, બગઈ, ભમરો, ભમરી, તીડ, માખી, ડાંસ (એ પ્રકારનો મચ્છર),મચ્છર, કંસારી, કપિલડોલા, (ઘાસનો કીટ) વગેરે. |

## પંચેન્દ્રિય

પંચેન્દ્રિય જીવોના મુખ્ય ચાર ભેદ છે.

(૧) નારક, (૨) તિર્યંચ, (૩) મનુષ્ય અને (૪) દેવ

પ્રત્યેકના અનુક્રમે ૧૪, ૨૦, ૩૦૩ અને ૧૯૮ પ્રભેદ છે.

### કોષ્ટક નંબર -- ૬

| પંચેન્દ્રિયના કુલ ૪ ભેદ અને ૫૩૫ પ્રભેદ | | | |
|---|---|---|---|
| નારક | તિર્યંચ | મનુષ્ય | દેવ |
| ૧૪ | ૨૦ | ૩૦૩ | ૧૯૮ |

## નારકજીવ

આપણી પૃથ્વી રત્નપ્રભા કહેવાય છે જે ગણતરીના ક્રમથી પ્રથમ છે. તેની નીચે બીજી પણ છ પૃથ્વીઓ છે.

જેના નામ અનુક્રમે શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા અને મહાતમ:પ્રભા છે.

આ સાતેય પૃથ્વીઓની નીચે અલગ અલગ પ્રસ્તરોમાં નારક જીવોના લાખો આવાસ છે જે નરકાવાસ કહેવાય છે.

તેમાં મહાઆરંભી, મહા પરિગ્રહી, રૌદ્ર પરિણામી, પંચેન્દ્રિય જીવોના ઘાતક, માંસાહારી વગેરે જીવો ઉત્પન્ન થાય છે.

ત્યાં આ જીવો જીવનભર ઠંડી-ગરમી, ભૂખ-તરસ, રોગ-શોક, છેદન-ભેદન આદિના ભયંકર દુ:ખ સહન કરે છે.

આ સાત પૃથ્વીઓના ભેદથી ઉત્પન્ન થનાર નારક જીવોના પણ સાત ભેદ હોય છે તથા પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી કુલ ૧૪ ભેદ છે.

ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે નારક જીવ પર્યાપ્ત નામ કર્મવાળા જ હોય છે. જેથી આ બધા જીવો પર્યાપ્ત જ હોય છે. અહીં ઉત્પત્તિ પછી અંતર્મુહૂર્ત કાળ સુધી એટલે કે જ્યાં સુધી તેમની પર્યાપ્તિઓ પૂર્ણ થતી નથી ત્યાં સુધી જ તે જીવ અપર્યાપ્ત કહેવાય છે.

આ જ વાત દેવો માટે પણ સમજવી. અપર્યાપ્ત દશામાં તેમનું

મરણ થતું નથી.

## વેદના

આ નારક જીવોના દુઃખોની વેદના ત્રણ પ્રકારની છે.

(૧) ક્ષેત્રજન્ય વેદના, (૨) પરધામીકૃત વેદના અને (૩) અન્યોન્ય-પરસ્પર કરાયેલી વેદના.

૧. **ક્ષેત્રજન્ય વેદના** --- શીત યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોએ અતિ ઉષ્ણ વાતાવરણવાળા ક્ષેત્રમાં જીવન વીતાવવું પડે છે.

જેમકે યુરોપના ઠંડા પ્રદેશમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિ આફ્રીકાના અતિઉષ્ણ પ્રદેશમાં જીવન વીતાવે.

તેનાથી વિપરીત ઉષ્ણ યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોએ અતિ શીત વાતાવરણવાળા ક્ષેત્રમાં જીવન વીતાવવું પડે તો તેને ઘણી વેદના થાય છે. તેને ક્ષેત્રકૃત વેદના કહે છે.

૨. **પરમાધામી-દેવકૃત વેદના** --- દેવોના અધિકારમાં આગળ બતાવીશું કે ભવનપતિના દેવોના ભેદોમાં અસુરકુમાર જાતિના દેવોની એક અવાંતર જાતિ પરમાધામી કહેવાય છે.

આ જાતિના દેવ પોતાની પરમ અધમ કુતૂહલવૃત્તિના કારણે આ નારક જીવોને વિવિધ પ્રકારના દુઃખ આપી પોતાનું મનોરંજન કરે છે.

આ દેવો દ્વારા અપાયેલી દુઃખોની વેદનાને પરમાધામી-દેવકૃત વેદના કહે છે.

૩. **અન્યોન્યકૃત વેદના** --- એક નારક જીવ બીજા નારક જીવ પર પૂર્વજન્મના વૈરાદિના કારણે આક્રમણ આદિ કરે તે વેદનાને અન્યોન્ય-પરસ્પર કૃત વેદના કહે છે.

## કોષ્ટક નંબર - ૭

| સાત નરકપૃથ્વીઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીનુંનામ | ગોત્ર | મોટાઈ યોજન | પ્રસ્તર સંખ્યા | નારકવાસ સંખ્યા | વેદના | | |
| | | | | | ક્ષેત્ર | પરમાધામી | અન્યોન્ય |
| રત્નપ્રભા | ધર્મા | ૧,૮૦,૦૦૦ | ૧૩ | ૩૦,૦૦,૦૦૦ | ૧ | ૧ | ૧ |
| શર્કરાપ્રભા | વંશા | ૧,૩૨,૦૦૦ | ૧૧ | ૨૫,૦૦,૦૦૦ | ૧ | ૧ | ૧ |
| વાલુકાપ્રભા | શૈલા | ૧,૨૮,૦૦૦ | ૯ | ૧૫,૦૦,૦૦૦ | ૧ | ૧ | ૧ |
| પંકપ્રભા | અંજના | ૧,૨૦,૦૦૦ | ૭ | ૧૦,૦૦,૦૦૦ | ૧ | ૦ | ૧ |
| ધૂમ પ્રભા | રિષ્ટા | ૧,૧૮,૦૦૦ | ૫ | ૩,૦૦,૦૦૦ | ૧ | ૦ | ૧ |
| તમ:પ્રભા | મઘા | ૧,૧૬,૦૦૦ | ૩ | ૯૯,૯૯૫ | ૧ | ૦ | ૧ |
| મહાતમ:પ્રભા | માઘવતી | ૧,૦૮,૦૦૦ | ૧ | ૫ | ૧ | ૦ | ૦ |

ત્રણેય પ્રકારની વેદનાઓ ઉપરની ત્રણ નરક પૃથ્વીઓમાં છે. પરમાધામી દેવ નીચે ત્રીજી પૃથ્વી સુધી જ જઈ શકે છે. તથા ચોથી, પાંચમી અને છઠ્ઠી પૃથ્વીમાં ફક્ત પહેલી અને ત્રીજી વેદના છે.

સાતમી પૃથ્વીમાં માત્ર ક્ષેત્રકૃત વેદના છે.

કારણ કે,

ત્યાં ઉત્પન્ન થયેલ નારક જીવ કરોડો રોગોથી ગ્રસ્ત હોવાના કારણે બીજા પર હુમલો કરવામાં અશક્ત હોય છે. તેથી અહીં અન્યોન્યકૃત વેદનાનો અભાવ છે.

આ નરક પૃથ્વીઓના નામ, ગોત્ર, મોટાઈ, પ્રસ્તર સંખ્યા, નારકાવાસોની સંખ્યા આદિ કોષ્ટક નંબર ૭ પરથી જાણવી.

૭ પૃથ્વીભેદોમાં પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ૭x૨= ૧૪ ભેદ નારક જીવોના જાણવા.

## પંચેન્દ્રિય તિર્યંચ

તિર્છું ચાલનાર તિર્યંચ કહેવાય છે,

પરંતુ,

અહીં તિર્યંચનો અર્થ તિર્યંચ ગતિ નામકર્મના ઉદયવાળા જીવ સમજવા તથા સ્થાવર અને વિકલેન્દ્રિય જીવ પણ તિર્યંચમાં ગણાય છે.

અહીં પંચેન્દ્રિય તિર્યંચ જીવ પ્રસ્તુત છે. આ જીવોના મુખ્ય ત્રણ ભેદ છે.

(૧) જળચર, (૨) સ્થળચર અને (૩) ખેચર.

**૧. જળચર**---જળમાં થાય તેને જળચર કહેવાય છે.

દા.ત. (૧) માછલી, (૨) કાચબો વગેરે

**૨. સ્થળચર**---સ્થળ-જમીન પર ચાલનાર સ્થળચર કહેવાય છે.

દા.ત. (૧) ગાય, (૨) ભેંસ વગેરે.

**૩. ખેચર**---ખે--આકાશમાં ઉડનાર પક્ષી કબૂતર, ચકલી, પોપટ વગેરેને ખેચર કહેવાય છે.

આ પક્ષી બે પ્રકારના હોય છે.--- એક રોમના પીંછાવાળા .જેમ કે પોપટ, મેના, કબૂતર આદિ

બીજા ચામડીની પાંખવાળા, જેમકે ચમગાદડ, ઉદબિલાવ વગેરે

મનુષ્યલોકની બહાર તો એવા પણ પક્ષી હોય છે કે જે બેઠા હોય કે ઉડી રહ્યા હોય પણ તેમની પાંખો ખુલ્લી જ રહે છે.

કેટલાક એવા પણ પક્ષી હોય છે કે જેમની પાંખો ઉડતા સમયે પણ બંધ રહે છે.

આ રીતે પણ ખુલ્લી પાંખવાળા અને બંધ પાંખવાળા પક્ષીઓના બે પ્રકાર થાય છે.

## સ્થાળચરના અવાંતર ત્રણ ભેદ

સ્થળચર જીવોના વિષયમાં વિશેષજ્ઞાન માટે તેના અવાંતર ભેદ જાણવા આવશ્યક છે. આ ભેદ ત્રણ પ્રકારના છે.

(૧) ચતુષ્પદ,(૨) ઉરપરિસર્પ અને (૩) ભુજપરિસર્પ.

૧. **ચતુષ્પદ**---ચાર પગવાળા હાથી, ઘોડા, ગાય, ભેંસ વગેરે.

૨. **ઉરપરિસર્પ**---ઉર-છાતીના બળથી ચાલનાર સર્પ, અજગર વગેરે.

૩. **ભુજપરિસર્પ**---ભુજા-હાથના બળથી ચાલનાર ખીસકોલી, નોળીયા વગેરે.

ઉપર બતાવેલ સ્થળચરના ૩ ભેદ, જળચરનો ૧ ભેદ અને ખેચરનો ૧ ભેદ મળીને કુલ ૩+૧+૧=૫ મુખ્ય ભેદ તિર્યંચ પંચેન્દ્રિયના કહેવાય છે.

તેમાં પણ પ્રત્યેકના (૧) ગર્ભજ અને (૨) સમ્મૂર્ચ્છિમ ભેદના બે-બે પ્રકાર છે.

## ગર્ભજ અને સમ્મૂર્ચ્છિમ

**ગર્ભજ**---નર અને માદાના સંયોગથી ગર્ભ દ્વારા ઉત્પન્ન થયેલ જીવ ગર્ભજ કહેવાય છે.

**સમ્મૂર્ચ્છિમ**---નર અને માદાના સંયોગ વિના જ વિભિન્ન પદાર્થોના સંયોગથી ઉત્પન્ન થનાર સમ્મૂર્ચ્છિમ કહેવાય છે.

જેમકે વરસાદમાં માટી, પાણી વગેરેના સંયોગથી દેડકા આદિ ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયના મુખ્ય ૩ ભેદના અવાંતર ૫ ભેદ થયા. આ પાંચેયના ગર્ભજ અને સમ્મૂર્ચ્છિમ ભેદથી ૫x૨=૧૦ ભેદ થયા.

દસમાં પણ પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી ૧૦x૨=૨૦ ભેદ થયા.

આ પ્રમાણે તિર્યંચના ભેદો સમજ્યા.

હવે મનુષ્યના ભેદોના નિરૂપણનો અવસર છે. મનુષ્યોના ભેદોને સરળતાથી સમજવા માટે મનુષ્યલોકની સ્થિતિને જાણવી આવશ્યક છે.

## લોક અને અલોક

આકાશ દ્રવ્ય એક છે, અખંડ છે અને અનંત-અસીમ છે.


જેટલા આકાશમાં જ્ઞાની ભગવંત જીવ અને અજીવ દ્રવ્યોનું અવલોકન કરે છે એટલે કે પોતાના જ્ઞાનથી દેખે છે તેને લોકાકાશ કે લોક કહે છે.

અને જ્યાં જીવ આદિનો અભાવ છે તેને અલોકાકાશ કે અલોક કહે છે.


અનંત અલોકના મધ્યમાં રહેલ આ લોક વૈશાખ સંસ્થાનથી ઉભા રહેલા પુરુષના આકારનો છે.

એટલે કે બંને જાંઘોને ફેલાવીને અને હાથને કમરની બંને બાજુ રાખીને ઊભા રહેલા પુરુષના સમાન લોકનો આકાર છે.

## કોષ્ટકનંબર -- ૮
## પંચેન્દ્રિય તિર્યંચના ૨૦ ભેદ



## ચાર્ટ નંબર - ૧




## અધોલોક, તિર્ચ્છાલોક અને ઉર્ધ્વલોક

આ સંપૂર્ણ લોક નીચેથી ઉપર સુધી ૧૪ રજ્જૂ પ્રમાણ છે. તેના ત્રણ ભાગ છે.

(૧) અધોલોક, (૨) તિર્ચ્છાલોક કે મધ્યલોક અને (૩) ઉર્ધ્વલોક.

બરોબર મધ્યભાગ કે જેની ઉપર અને નીચે સાત-સાત રજ્જૂ ઉર્ધ્વલોક અને અધોલોક છે, તેને સમભૂતુલા કહે છે.

આ જ સમભૂતુલાની ઉપર તથા નીચે ૯૦૦-૯૦૦ યોજન તથા પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ વિસ્તાર ૧ રજ્જૂ પ્રમાણ ગોળાકાર મધ્યલોક છે. તેનો આકાર થાળીની જેમ ગોળ અને તિર્છું હોવાના કારણે તેને તિર્ચ્છાલોક પણ કહે છે.

તથા તિર્ચ્છી ગતિ કરનાર તિર્યંચોની બહુમતીના કારણે તેને તિર્યગ્લોક પણ કહે છે.

અધોલોકનો આકાર નીચું મોં કરીને રાખેલા સકોરા જેવો છે.સકોરાને ઉલટાવીને રાખતાં તેની નીચેનો ભાગ પહોળો અને ઉપરનો ભાગ સાંકડો થાય છે. તેમજ અધોલોકના તળનો વિસ્તાર ૭

રજ્જૂ છે અને ઉપરનો વિસ્તાર ૧ રજ્જૂ છે.

ઉર્ધ્વલોકનો આકાર બે સકોરાથી બનેલા સંપુટ જેવો છે, એટલે કે એક સકોરાનું ઉપરની તરફ મોં ફેરવીને રાખવામાં આવે તો તેના આકારની જેમ જ ઉર્ધ્વલોકનો આકાર જાણવો. તેના મધ્યનો વિસ્તાર ૫ રજ્જૂ છે.

ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવોના વિમાન તથા સિદ્ધશીલા છે.

## તિર્ચ્છાલોક

રત્નપ્રભા આદિ ૭ પૃથ્વીઓના ભેદથી અધોલોકના ૭ વિભાગ છે. તિર્ચ્છાલોકમાં જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર આદિ  અસંખ્ય દ્વિપ અને સમુદ્ર છે.

મધ્યમાં જંબૂદ્વીપ થાળી આકારનો છે. તેનો વિસ્તાર પૂર્વથી પશ્ચિમ અને દક્ષીણથી ઉત્તર ૧ લાખ યોજન છે.

શેષ દ્વીપ અને સમુદ્ર બંગડીના આકારવાળા છે અને પોતાની બાજુના દ્વીપો અને સમુદ્રોને ઘેરેલા છે. તેનો વિસ્તાર આજુબાજુના દ્વીપ-સમુદ્રોથી બમણા જેટલો છે.


જેમકે ૧ લાખ યોજન વિસ્તારવાળા જંબૂદ્વીપને ચારેય બાજુથી ઘેરેલા લવણ સમુદ્રનો વિસ્તાર ૨ લાખ યોજન છે તેને ચારેય બાજુથી ઘેરેલા ધાતકીખંડનો વિસ્તાર  ૪ લાખ યોજન છે. તેને પણ ચારેય બાજુથી ઘેરેલા કાલોદધિ સમુદ્રનો વિસ્તાર ૮ લાખ યોજન છે. તેને પણ ચારેય બાજુથી ઘેરેલા પુષ્કરવર દ્વીપનો વિસ્તાર ૧૬ લાખ યોજન છે. તેને પણ ચારેય બાજુથી ઘેરેલા પુષ્કરવર સમુદ્રનો વિસ્તાર ૩૨ લાખ યોજન છે. આ ક્રમ અંત સુધી ચાલ્યા કરે છે.

અંતિમ સ્વયંભૂરમણ નામનો દ્વીપ વિસ્તારમાં અસંખ્ય યોજન છે. તેને પણ ઘેરનાર અંતિમ સ્વયંભૂરમણ સમુદ્રનો વિસ્તાર 'પા' રજ્જૂથી કંઈક વધુ છે.

આ વાતો નીચેના ચાર્ટ પરથી સ્પષ્ટ થઈ જાય છે.

## ચાર્ટ નંબર - ૨

### તિચ્છર્લોક




## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ ત્રસ,વિકલેન્દ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય જીવોના ભેદ કેટ-કેટલા છે ? કયા-કયા ?

પ્રશ્ન-૨ સાત નરક પૃથ્વીઓના નામ લખો.

પ્રશ્ન-૩ લોકનો આકાર કેવો છે ?

પ્રશ્ન-૪ સમભૂતુલા કોને કહે છે ?

પ્રશ્ન-૫ તિચ્છર્લોકને તિર્યગ્લોક પણ કહેવાય છે. શા માટે ?

પ્રશ્ન-૬ અધોલોક અને ઉર્ધ્વલોકનો આકાર જણાવો.

પ્રશ્ન-૭ ઉર્ધ્વલોકમાં શું-શું છે ?

પ્રશ્ન-૮ રત્નપ્રભા આદિ ૭ પૃથ્વીઓના ભેદથી અધોલોકના કેટલા વિભાગ છે ?

પ્રશ્ન-૯ ઉર્ધ્વલોકના મધ્યનો વિસ્તાર કેટલો છે ?

પ્રશ્ન-૧૦ અધોલોક, તિર્ચ્છાલોક અને ઉર્ધ્વલોકનો ઉપરથી નીચેનો વિસ્તાર કેટલો છે.

પ્રશ્ન-૧૧ નારક જીવોની વેદના કેટલા પ્રકારની છે ? કયા-કયા ? સમજાવો.

પ્રશ્ન-૧૨ પંચેન્દ્રિય તિર્યંચના મુખ્ય કેટલા ભેદ છે ? કયા કયા ?

પ્રશ્ન-૧૩ મનુષ્યલોકની બહાર કયા બે પ્રકારના પક્ષીઓ વિશેષમાં જોવા મળે છે ?

પ્રશ્ન-૧૪ સ્થળચરના અવાંતર કેટલા ભેદ છે ? કયા કયા ?

પ્રશ્ન-૧૫ મધ્યલોકની ઉપર અને નીચે શું-શું આવેલું છે ?

પ્રશ્ન-૧૬ અધોલોકના તળનો અને ઉપરનો વિસ્તાર કેટલો છે ?

પ્રશ્ન-૧૭ સ્વયંભૂરમણ દ્વીપ અને તેને ઘેરનાર સ્વયંભૂરમણ સમુદ્રનો વિસ્તાર કેટલો છે ?

પ્રશ્ન-૧૮ જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર, પુષ્કરવર દ્વીપ અને પુષ્કરવર સમુદ્રનો વિસ્તાર કેટલો છે ?

---

**સંપત્તિને આજના વર્ગે જેમ ખાનદાની સાથે જોડી દીધી છે તેમ બુદ્ધિને આજના વર્ગે શાણપણ સાથે જોડી દીધી છે.**

**બન્ને અનુમાનો ગલત છે.**

**ખાનદાની સુસંસ્કારો સાથે બંધાયેલી છે. તો શાણપણ હૃદયની નિર્મળતા સાથે બંધાયેલુ છે.**

# ૪

# મનુષ્યલોક

આર્ય અને અનાર્ય મનુષ્યો જ્યાં જન્મે છે અને મૃત્યુ પામે છે તેને મનુષ્યલોક કહે છે.

આ મનુષ્યલોક જંબૂદ્વીપથી પુષ્કરવર દ્વીપના મધ્ય ગોળાકાર માનુષોત્તર પર્વત સુધી વિસ્તૃત છે,

એટલે કે મનુષ્યલોક જંબૂદ્વીપ, ધાતકીખંડ, અર્ધ પુષ્કરવર દ્વીપ, લવણસમુદ્ર તથા કાલોદધિ સમુદ્રનો સમાવેશ થાય છે.

સારાંશ એ છે કે મનુષ્યલોકમાં અઢી દ્વીપ અને બે સમુદ્ર ગણાય છે. આ દ્વીપ સમુદ્રોનો વિસ્તાર જ મનુષ્યલોકનો વિસ્તાર છે. જેનું પ્રમાણ પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ ૪૫ લાખ યોજન છે.


આ પ્રમાણ નીચે બતાવેલી રીતે પ્રાપ્ત થાય છે.

## કોષ્ટકનંબર--૯

| મનુષ્યલોકનું પ્રમાણ ૪૫ લાખ યોજન | | |
|---|---|---|
| મધ્યમાં રહેલ જમ્બૂદ્વીપનો વિસ્તાર | = | ૧,૦૦,૦૦૦ યોજન |
| બંને બાજુના લવણ સમુદ્રનો વિસ્તાર | = | ૪,૦૦,૦૦૦ યોજન |
| બંને બાજુના ધાતકીખંડ દ્વીપનો વિસ્તાર | = | ૮,૦૦,૦૦૦ યોજન |
| બંને બાજુના કાલોદધિ સમુદ્રનો વિસ્તાર | = | ૧૬,૦૦,૦૦૦ યોજન |
| બંને બાજુના અર્ધ પુષ્કરવર દ્વીપનો વિસ્તાર | = | ૧૬,૦૦,૦૦૦ યોજન |
| | | ૪૫,૦૦,૦૦૦ યોજન |

## ચાર્ટ નંબર - 3

## મનુષ્યલોક




## જંબૂદ્વીપ

મનુષ્યલોકની સ્થિતિ સમજવા માટે સૌપ્રથમ જંબૂદ્વીપની સ્થિતિ જોઈ લઈએ.

જંબૂદ્વીપના મધ્યમાં મેરૂપર્વત છે. તેને જ કેન્દ્રમાં રાખીને મનુષ્યલોકનું જ્યોતિષચક્ર સતત પ્રદક્ષિણાકાર ભમતું રહે છે.

આ મેરૂપર્વતની આજુબાજુ મુખ્યત્વે પૂર્વ-પશ્ચિમમાં વિસ્તૃત.(૧) મહાવિદેહ ક્ષેત્ર છે.

દક્ષિણમાં લવણ સમુદ્રની બાજુએ (૨) ભરતક્ષેત્ર, (૩) હૈમવત ક્ષેત્ર અને (૪) હરિવર્ષ ક્ષેત્ર છે.

ઉત્તરમાં લવણ સમુદ્રની બાજુએ (૫) રમ્યક્ ક્ષેત્ર, (૬) હૈરણ્યવત ક્ષેત્ર અને (૭) એરવત ક્ષેત્ર આવેલું છે.

આ સાતેય ક્ષેત્રોને એકબીજાથી જુદા પાડનાર ૬ પર્વતો છે. જેના નામ ક્રમથી (૧) લઘુ હિમવંત, (૨) મહા હિમવંત,

(૩) નિષધ, (૪) નીલ, (૫) રૂક્મી અને (૬) શિખરી છે.

## ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપોમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા

જંબૂદ્વીપમાં જે જે નામના ક્ષેત્ર અને પર્વત છે, તે તે નામના બે-બે ક્ષેત્ર અને બે-બે પર્વત ધાતકીખંડમાં આવેલા છે.

આ રીતે જંબૂદ્વીપથી દ્વિગુણક્ષેત્ર અને પર્વત અર્ધ પુષ્કરવર દ્વીપમાં પણ છે.

આમ, મનુષ્યલોકમાં પાંચ મહાવિદેહ, પાંચ ભરત, પાંચ એરવત, પાંચ હેમવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્ અને પાંચ હૈરણ્યવત ક્ષેત્ર થયા.

આ જ રીતે મેરૂ, લઘુહિમવંત વગેરે પર્વત પણ પાંચ-પાંચની સંખ્યામાં છે.

## કર્મભૂમિ અને અકર્મભૂમિ

પાંચેય મહાવિદેહ ક્ષેત્રોમાં મેરૂ પર્વતની દક્ષિણે દેવકુરૂ ક્ષેત્ર અને ઉત્તરે ઉત્તરકુરૂ ક્ષેત્ર આવેલા છે. આ રીતે પાંચ દેવકુરૂક્ષેત્ર અને પાંચ ઉત્તરકુરૂક્ષેત્ર પણ જાણવા.

આ દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રને છોડીને સંપૂર્ણ પાંચ મહાવિદેહ ક્ષેત્ર, પાંચ ભરત અને પાંચ એરવત મળીને કુલ ૧૫ ક્ષેત્ર કર્મભૂમિ કહેવાય છે.

એટલે કે આ ક્ષેત્રોમાં મોક્ષમાર્ગના જ્ઞાતા અને ઉપદેશક શ્રી તીર્થંકર પરમાત્મા ઉત્પન્ન થાય છે. અને અહીંથી જ આત્મા સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી મુક્તિને પામે છે.

શેષ પાંચ દેવકુરૂ, પાંચ ઉત્તરકુરૂ, પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ અને પાંચ રમ્યક્ વર્ષ મળીને કુલ ત્રીસ ક્ષેત્ર

અકર્મભૂમિ કહેવાય છે.

અહીંના લોકોને પુણ્યના પ્રભાવથી સદા કલ્પવૃક્ષાથી જ ઈચ્છાનુસાર ભોજન વસ્ત્રાભૂષણ આદિ ભોગસામગ્રી પ્રાપ્ત થાય છે.

જેથી આ ક્ષેત્ર ભોગભૂમિના નામથી પણ પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે ૧૫ કર્મભૂમિ અને ૩૦ અકર્મભૂમિનું સંક્ષેપમાં સ્વરૂપ જોયું.

હવે ૫૬ અંતર્દ્વીપોની સ્થિતિ સમજીએ.

## છપ્પન અંતર્દ્વીપ

જંબૂદ્વીપના લઘુહિમવંત અને શિખરી પર્વતના પ્રત્યેકના પૂર્વ-પશ્ચિમ છેડાથી લવણ સમુદ્ર તરફ ઈશાન આદિ ચારેય વિદિશાઓમાં દાઢના આકારની ચાર-ચાર શાખાઓ ૮૮૦૦--૮૮૦૦ યોજન સુધી ફેલાયેલી છે.

લવણ સમુદ્રની જળની સપાટીથી કંઈક ઉપર આ આઠેય શાખાઓ પર સાત-સાત દ્વીપ છે.

આ ૮x૭=૫૬ દ્વીપોને પણ અકર્મભૂમિ અને ભોગભૂમિ કહેવાય છે.

## કોષ્ટકનંબર -- ૧૦

| ૧૫ કર્મભૂમિ | | | | |
|---|---|---|---|---|
| ભરતક્ષેત્ર -- | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકી ખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| એરવતક્ષેત્ર -- | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકી ખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| મહાવિદેહ ક્ષેત્ર-- | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકી ખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| કુલક્ષેત્ર -- | જમ્બૂદ્વીપના ૩+ | ધાતકી ખંડમાં ૬+ | પુષ્કરવરદ્વીપમાં ૬= | કુલ ૧૫ |

## કોષ્ટકનંબર -- ૧૧

| 30 અકર્મભૂમિ | | | | |
|---|---|---|---|---|
| દેવકુરૂક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| ઉત્તરકુરૂક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| હરિવર્ષક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| રમ્યકક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| હિમવંતક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| હૈરણ્યવતક્ષેત્ર | જમ્બૂદ્વીપમાં ૧+ | ધાતકીખંડમાં ૨+ | પુષ્કરવરદ્વીપમાં ૨= | કુલ ૫ |
| કુલક્ષેત્ર | જમ્બૂદ્વીપના ૬+ | ધાતકીખંડમાં૧૨+ | પુષ્કરવરદ્વીપમાં ૧૨= | કુલ ૩૦ |

આ રીતે મનુષ્યલોકમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ = ૧૦૧ ક્ષેત્ર થયા.

આ ક્ષેત્રોમાં ઉત્પન્ન થતા મનુષ્યોના પણ ૧૦૧ ભેદ જાણવા.

આ મનુષ્યો પણ ગર્ભજ અને સમ્મૂર્ચ્છિમ એમ બે પ્રકારના હોય છે.

ગર્ભજ મનુષ્યોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદ હોય છે. જ્યારે સમ્મૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્ત

જ હોય છે.

આમ, ગર્ભજ ૧૦૧x૨ = ૨૦૨ તથા સમ્મૂર્ચ્છિમના માત્ર ૧૦૧ અપર્યાપ્ત ભેદોને ઉમેરવાથી મનુષ્યોના કુલ ૩૦૩ ભેદ થાય છે.

**કોષ્ટક નંબર --૧૨**

**૩૦૩ મનુષ્ય ભેદ**

મનુષ્ય

- ગર્ભજ
  - પર્યાપ્ત
  - અપર્યાપ્ત
- સમ્મૂર્ચ્છિમ
  - અપર્યાપ્ત

૧૦૧ + ૧૦૧ + ૧૦૧ = કુલ ૩૦૩ ભેદ

## સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનું સ્વરૂપ તથા ઉત્પત્તિ સ્થાન

ગર્ભજ મનુષ્યોના મળ, મૂત્ર, કફ, શ્લેષ્મ, વમન,પરૂ, રૂધિર, વીર્ય, પિત્ત, થૂંક, પરસેવો આદિ શરીરથી જુદા પડ્યા પછી બે ઘડી એટલે કે ૪૮ મિનિટ સુધી કોઈ પરિવર્તન વિના તે જ હાલતમાં રહી જાય તો તે મળ-મૂત્ર આદિમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે.

ગામ, શહેરની વહેતી નાલીઓમાં, ખાળ, સંડાસ આદિ અપવિત્ર સ્થાનોમાં આ સમ્મૂર્ચ્છિમ મનુષ્ય હોય છે.

આ જીવો અવશ્યમેવ મિથ્યાદૃષ્ટિ, અપર્યાપ્ત, અંતર્મુહૂર્ત આયુષ્યવાળા અને આંગળીના અસંખ્યાતમા ભાગના શરીર પ્રમાણવાળા હોય છે.

## સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની હિંસા

ભોજન કે ભોજનની થાળી, વાટકી આદિમાં એઠું મૂકવાથી,

સંડાસ, પેશાબઘર વગેરેમાં પેશાબ, સ્નાન, કુદરતી હાજતે જવાથી

કફ, શ્લેષ્મ, થૂંક વગેરેનો જ્યાં-ત્યાં ત્યાગ કરવાથી તથા

એંઠા લોટા-ગ્લાસ આદિ પાણીના ઘડામાં નાખવાથી,

વિસર્જિત મળ-મૂત્રાદિ પદાર્થોમાં, એંઠા વાસણોમાં, સ્નાનઘર, પેશાબઘર, સંડાસ, નીક વગેરે અપવિત્ર સ્થાનોમાં અને પાણીના ઘડામાં બે ઘડી પછી એટલે કે ૪૮ મિનિટ પછી સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય છે.

આ મનુષ્યોનું આયુષ્ય અંતર્મુહૂર્ત એટલે કે ૪૮ મિનિટથી ઓછું હોવાના કારણે શીઘ્ર મૃત્યુ પણ થઈ જાય છે. તથા જન્મ-મરણની પરંપરા ચાલુ રહે છે.

તેથી આ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની હિંસાથી બચવા માટે આપણે નીચેની બાબતોની સાવધાની રાખવી જોઈએ જેથી આપણા નિમિત્તે તેમની ઉત્પત્તિ ન થાય.

## સમ્મૂર્ચ્છિમ જીવોની હિંસાથી બચવાના ઉપાય

ભોજનની થાળી, વાટકી આદિને પાણીથી ધોઈને તે પાણી પી લેવું જોઈએ.

પછી રૂમાલ કે સાફ કપડાના ટુકડાથી લૂછીને સૂકી કરવી જોઈએ.

પછી કપડું પણ પાણીથી ધોઈને તડકામાં સુકવવામાં આવે અને તે પાણીને નિર્જીવ ભૂમિ પર છાંટી દેવામાં આવે અથવા થાળી આદિ એંઠા વાસણોને પાણીથી ધોઈને તરત જ એટલે કે ૪૮ મિનિટ પહેલાં રાખ આદિથી સૂકા કરવામાં આવે, કુદરતી હાજતે ખુલ્લા સ્થાનમાં, જેમકે જંગલ, ખેતર વગેરેમાં તથા દાતણ, સ્નાન, પેશાબ આદિ એવી જગ્યાએ કરવું જોઈએ કે જ્યાં બે ઘડી પહેલાં સૂકાઈ જાય.

આ જ રીતે કફ, શ્લેષ્મ આદિના વિસર્જન પછી તેની ઉપર તરત ધૂળ આદિ નાખી દેવાથી, એંઠા લોટા-ગ્લાસ વગેરેને પાણીના ભાજનોમાં ન નાખવાથી, ચોખ્ખા લોટા-ગ્લાસ આદિથી પાણી લઈને

પીધા પછી લોટા-ગ્લાસ આદિને કપડાથી લૂછવાથી, પરસેવાવાળા કપડાઓને સુકવી દેવાથી વગેરે ઉપાયોથી સમ્મૂર્ચ્છિમ જીવોની હિંસાના પાપથી આપણે આપણા આત્માને બચાવી શકીએ છીએ.

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ મનુષ્યલોકનો વિસ્તાર ક્યાંથી ક્યાં સુધી અને કેટલો છે ?
પ્રશ્ન-૨ મેરૂપર્વતની આજુ બાજુ આવેલા ૭ ક્ષેત્રોના તથા તે ક્ષેત્રોને જુદા પાડનાર પર્વતોના નામ લખો.
પ્રશ્ન-૩ મેરૂપર્વતની દક્ષિણે અને ઉત્તરે કયા ક્ષેત્રો આવેલા છે ?
પ્રશ્ન-૪ કર્મભૂમિ અને અકર્મભૂમિ એટલે શું ? અકર્મભૂમિને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ? શા માટે ?
પ્રશ્ન-૫ મનુષ્યના ૩૦૩ ભેદ કેવી રીતે થાય છે ?
પ્રશ્ન-૬ સમ્મૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં-ક્યાં ઉત્પન્ન થાય છે ? કેવી રીતે ?
પ્રશ્ન-૭ સમ્મૂર્ચ્છિમ મનુષ્યો કેવા હોય છે ?
પ્રશ્ન-૮ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની હિંસા કઈ-કઈ રીતે થાય છે ?
પ્રશ્ન-૯ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોનું આયુષ્ય કેટલું હોય છે ?
પ્રશ્ન-૧૦ સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની હિંસાથી બચવાના ઉપાયો લખો.

---

"ચોરી" માં પાપબુદ્ધિ જાગે છે
પણ "સંગ્રહ" માં
પાપબુદ્ધિ લગભગ જાગતી
નથી અને એટલે જ
ચોરીથી બચવા કરતાં
સંગ્રહથી બચવામાં પ્રચંડ
સત્ત્વ ફોરવવું પડે તેમ છે.

# ૫

# દેવ

આ પ્રમાણે મનુષ્યના ભેદ-પ્રભેદ સમજ્યા, હવે દેવોના વિષયમાં જાણી લઈએ.

દેવોના મુખ્ય ચાર ભેદ છે--(૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક

## ભવનપતિ દેવ

આ રત્નપ્રભા પૃથ્વીની ઘનતા ૧,૮૦,૦૦૦ યોજન છે.

ઉપર નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનના પડમાં આ ભવનપતિ દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ આવાસ છે, જ્યાં આ દેવો પોતાના પૂર્વકૃત પુણ્યના ફળનો ઉપભોગ કરે છે.

આ દેવોના આગળ કોષ્ટકમાં બતાવવામાં આવનાર અસુરકુમાર આદિના ૧૦ ભેદ છે.

આમાંથી અસુરકુમાર જાતિના કેટલાક દેવો નારક જીવોને દુઃખ આપીને સ્વયં ખુશી મનાવે છે.

આ પરમ અધાર્મિક=પાપવૃત્તિના કારણે તેઓ પરમાધાર્મિક પણ કહેવાય છે. આ પરમાધાર્મિક દેવોના પંદર ભેદ છે.

ભવનપતિના અસુરકુમાર આદિ ૧૦ અને પરમાધામીના પંદર ભેદ મળીને ૧૦+૧૫=૨૫ ભેદ થાય છે.

ઉત્તર અને દક્ષિણ દિશાના ભેદથી પ્રત્યેકના બે-બે ઈન્દ્ર છે.

આ ઈન્દ્રોના નામ તથા પ્રત્યેક દિશાની આવાસસંખ્યા નીચેના કોષ્ટકથી જાણવી.

## કોષ્ટક નંબર - ૧૩

| ભવનપતિ દેવોના ઈન્દ્રોના નામ તથા આવાસસંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| જાતિનામ | દક્ષિણના ઈન્દ્ર | આવાસસંખ્યા | ઉત્તરના ઈન્દ્ર | આવાસસંખ્યા | કુલ સંખ્યા |
| અસુરકુમાર | ચમરેન્દ્ર | ૩૪ લાખ | બલીન્દ્ર | ૩૦ લાખ | ૬૪ લાખ |
| નાગકુમાર | ધરણેન્દ્ર | ૪૪ લાખ | ભૂતાનંદ | ૪૦ લાખ | ૮૪ લાખ |
| સુવર્ણકુમાર | વેણુદેવ | ૩૮ લાખ | વેણુદાલી | ૩૪ લાખ | ૭૨ લાખ |
| વિદ્યુત્કુમાર | હરિકાન્ત | ૪૦ લાખ | હરિસહ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| અગ્નિકુમાર | અગ્નિશિખ | ૪૦ લાખ | અગ્નિમાણવ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| દ્વીપકુમાર | પૂર્ણ | ૪૦ લાખ | વિશિષ્ટ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ઉદધિકુમાર | જલકાન્ત | ૪૦ લાખ | જલપ્રભ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| દિશાકુમાર | અમિતગતિ | ૪૦ લાખ | અમિતવાહન | ૩૬ લાખ | ૭૬ લાખ |
| વાયુકુમાર | વેલમ્બ | ૫૦ લાખ | પ્રભંજન | ૪૬ લાખ | ૯૬ લાખ |
| સ્તનિકકુમાર | ઘોષ | ૪૦ લાખ | મહાઘોષ | ૩૬ લાખ | ૭૬ લાખ |

આવાસ સંખ્યા કુલ સાત કરોડ બહોંત્તેર લાખ

## પંદર પરમાધામિઓના નામ

(૧) અમ્બ,(૨) અમ્બરીષ, (૩) શ્યામ, (૪) શબલ, (૫) રુદ્ર, (૬) ઉપરુદ્ર, (૭) કાલ, (૮) મહાકાલ, (૯) અસિ, (૧૦) અસિપત્રવન, (૧૧) કુંભી, (૧૨) વાલુકા, (૧૩) ખરસ્વર, (૧૪) વૈતરણી અને (૧૫) મહાઘોષ.

## વ્યંતર દેવ

આ જ રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ ૧૦૦૦ યોજન પડમાંના ઉપર નીચેના ૧૦૦-૧૦૦ યોજન છોડીને વચ્ચેના ૮૦૦ યોજનના ક્ષેત્રમાં વ્યંતર દેવોના અસંખ્ય નગર છે. તેમાં આઠ પ્રકારના વ્યંતર દેવ રહે છે. તેના નામ આગળના કોષ્ટકમાં બતાવવામાં આવશે.

## વાણ-વ્યંતર દેવ

આ વ્યંતર દેવોની જ અવાંતર જાતિ વાણવ્યંતર દેવ છે.

આ દેવ રત્નપ્રભા પૃથ્વીની ઉપરના ૧૦૦ યોજનના પડમાંથી ઉપર નીચેના ૧૦-૧૦ યોજન છોડીને વચ્ચેના ૮૦ યોજનમાં નિવાસ કરે છે.

અહીં તેમના અસંખ્ય નિવાસસ્થાન છે. તેમના પણ આઠ ભેદ આગળના કોષ્ટકમાં બતાવવામાં આવશે.

## તિર્યગ્ જૃમ્ભકદેવ

આ દેવ પણ વ્યંતર જાતિના છે.

તેઓ શ્રી તીર્થંકર પરમાત્માઓના જન્મકલ્યાણક આદિ પ્રસંગો પર ધન, ધાન્ય, સુવર્ણ, મણિ, માણિક્ય આદિની વૃષ્ટિ કરે છે. તેના દશ ભેદ છે.

આ પ્રમાણે વ્યંતર દેવોના ૮, વાણવ્યંતર દેવોના ૮, તિર્યગ્ જૃમ્ભકોના ૧૦ ભેદ = કુલ ૨૬ ભેદ થયા.

## કોષ્ટક નંબર--૧૪

| વ્યંતર-વાણવ્યંતર અને તિર્યગ્જૃમ્ભક દેવોના નામ | | | |
|---|---|---|---|
| ક્રમ | વ્યંતર | વાણવ્યંતર | તિર્યગ્જૃમ્ભક |
| ૧ | કિન્નર | અણપન્ની | અન્નજૃમ્ભક |
| ૨ | કિંપુરુષ | પણપન્ની | પાનજૃમ્ભક |
| ૩ | મહોરગ | ઈસીવાદી | વસ્ત્રજૃમ્ભક |
| ૪ | ગંધર્વ | ભૂતવાદી | લયણજૃમ્ભક |
| ૫ | યક્ષ | કંદિત | પુષ્પજૃમ્ભક |
| ૬ | રાક્ષસ | મહાકંદિત | ફળજૃમ્ભક |
| ૭ | ભૂત | કોહંડ | પુષ્પફળજૃમ્ભક |
| ૮ | પિશાચ | પતંગ | શયનજૃમ્ભક |
| ૯ | | | વિદ્યાજૃમ્ભક |
| ૧૦ | | | અવિયતજૃમ્ભક |

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ દેવોના મુખ્ય કેટલા ભેદ છે ?

પ્રશ્ન-૨ ભવનપતિ દેવોનો આવાસ ક્યાં છે ? આવાસ સંખ્યા જણાવો.

પ્રશ્ન-૩ પરમાધામી અને અસુરકુમાર આદિના કેટલા ભેદ છે ? સંખ્યા લખો.

પ્રશ્ન-૪ ભવનપતિ દેવોની આવાસ સંખ્યા જણાવો.

પ્રશ્ન-૫ પંદર પરમાધામિઓના નામ લખો.

પ્રશ્ન-૬ વ્યંતર દેવોના આવાસ ક્યાં છે ?

પ્રશ્ન-૭ વાણવ્યંતર દેવોના આવાસ ક્યાં છે ?

પ્રશ્ન-૮ તિર્યગ્ જૃમ્ભક દેવ શ્રી તીર્થંકર પરમાત્માઓના જન્મકલ્યાણક આદિના પ્રસંગે કેવી વૃષ્ટિ કરે છે ?

પ્રશ્ન-૯ વ્યંતરદેવ, વાણ-વ્યંતર દેવ અને તિર્યગ્જૃમ્ભક દેવોના નામ લખો.

# ૬

# જ્યોતિષ્ક દેવ

આ જ રત્નપ્રભા પૃથ્વીના સમભૂતલથી ઉપર આકાશમાં ૭૯૦ યોજનથી માંડીને ૯૦૦ યોજન સુધી એટલે કે ૧૧૦ યોજનમાં ઉપરથી નીચે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાના વિમાન છે, જેમાં જ્યોતિષ્ક દેવો પોતાના પૂર્વકૃત પુણ્યનો ઉપભોગ કરે છે.

મનુષ્યલોકની ઉપર જ્યોતિષ્ક વિમાન જંબૂદ્વીપના મેરુપર્વતને કેન્દ્રમાં રાખીને નિરંતર પ્રદક્ષિણાકાર ઘૂમતા રહે છે. તેથી તેમને ચરજ્યોતિષ્ક એટલે કે ગતિમાન્ જ્યોતિષ્ક કહેવાય છે.

તેમની ગતિથી જ મનુષ્યલોકમાં સમય, આવલિકા, ઘડી, મુહૂર્ત, દિવસ, રાત, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ આદિ કાળનો વ્યવહાર થાય છે.

મનુષ્યલોકની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રોના ઉપર રહેલા જ્યોતિષ્ક વિમાન અવસ્થિત છે, ગતિ રહિત છે. એટલા માટે તેઓ અચર સ્થિર કહેવાય છે: તેમની ગતિના અભાવથી જ મનુષ્યલોકની બહાર ઉપર્યુક્ત કાળના વ્યવહારનો અભાવ છે.

આ પ્રમાણે (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) તારા આ પાંચેયના ચર અને અચર ભેદથી ૫ X ૨ = ૧૦ ભેદ થાય છે.

## કોષ્ટક નંબર ૧૫

| સમભૂતલથી જ્યોતિષ્ક વિમાનોની ઊંચાઈ | | |
|---|---|---|
| તારા | સમભૂતલથી ૭૯૦ યોજન ઊંચાઈએ | તારાઓના વિમાન |
| તારાઓથી ઉપર ૧૦ યોજન | સમભૂતલથી ૮૦૦ યોજન ઊંચાઈએ | સૂર્ય " |
| સૂર્યથી ઉપર ૮૦ યોજન | સમભૂતલથી ૮૮૦ યોજન ઊંચાઈએ | ચંદ્ર " |
| સૂર્યથી ઉપર ૪ યોજન | સમભૂતલથી ૮૮૪ યોજન ઊંચાઈએ | નક્ષત્ર " |
| નક્ષત્રથી ઉપર ૪ થી ૧૬ યોજન | સમભૂતલથી ૯૦૦ યોજન ઊંચાઈએ | ગ્રહ " |

## હમારે સવાલ આપકે જવાબ.

પ્રશ્ન-૧ જ્યોતિષ્ક દેવોના વિમાન ક્યાં આવેલા છે ?

પ્રશ્ન-૨ જ્યોતિષ્ક દેવોને ચર જ્યોતિષ્ક કેમ કહેવામાં આવે છે ?

પ્રશ્ન-૩ કાળનો વ્યવહાર શાથી થાય છે ?

પ્રશ્ન-૪ સમભૂતલથી જ્યોતિષ્ક વિમાનોની ઊંચાઈ કોષ્ટક દ્વારા જણાવો.

# ૭

# વૈમાનિક દેવ

જ્યોતિષ્કના વિમાનોથી ઉપર ઉર્ધ્વલોકમાં અસંખ્ય યોજન ઊંચાઈએ એટલે કે સમભૂતલથી ૧॥ રજ્જૂથી ૭ રજ્જૂ સુધી વૈમાનિક દેવોના વિમાન છે.

તેમાં ઉત્પન્ન થતા દેવોના મુખ્ય બે ભેદ છે. (૧) કલ્પોપપન્ન તથા (૨) કલ્પાતીત.

## કલ્પોપપન્ન

જેમાં ઈંદ્ર, સામાનિક, સેનાપતિ, સૈન્ય, સભા આદિની વ્યવસ્થા છે એટલે કે સ્વામી સેવક ભાવનો વ્યવહાર છે. આ જ વ્યવહાર રૂપ આચારને કલ્પ કહે છે. આવા કલ્પવાળા પહેલાથી બારમા દેવલોકવાળા દેવો કલ્પોપપન્ન દેવ કહેવાય છે.

તેના નીચે મુજબના ૨૪ ભેદ છે.

**૧૨ પ્રકારના કલ્પોપપન્ન દેવ** - પહેલા સૌધર્મ દેવલોકથી બારમા અચ્યુત દેવલોક સુધીના ૧૨ ભેદ છે. જે નીચે મુજબ છે.

(૧) સૌધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત.

**૯ લોકાંતિક દેવોના ભેદ** - પાંચમા દેવલોકમાં લોકના અંતમાં રહેલા વિમાનોમાં તેઓ ઉત્પન્ન થાય છે. તેથી લોકાંતિક કહેવાય છે.

લોક એટલે કે સંસાર-ભવ-જન્મ જેમના વધુમાં વધુ ૭-૮ જ

શેષ છે. જે આટલા જન્મોમાં મોક્ષે જનાર છે, એટલા માટે પણ લોકાંતિક કહેવામાં આવે છે.

આ દેવો શ્રી તીર્થંકર પરમાત્માઓનો દીક્ષાકાળ નજીક જાણીને પોતાના આચાર અનુસાર તેમને દીક્ષા માટે પ્રાર્થના કરે છે.

તેમના નામ પણ નીચે મુજબ છે.

(૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વહ્નિ, (૪) અરૂણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) મરૂત અને (૯) અરિષ્ટ.

**૩ કિલ્બિષિક દેવોના ભેદ -**

(૧) પહેલા અને બીજા દેવલોકની નીચે,

(૨) ત્રીજા અને ચોથા દેવલોકની નીચે તથા

(૩) છઠ્ઠા દેવલોકની નીચેની સપાટીના વિમાનવાસી દેવોના સ્થાનભેદથી ૩ ભેદ છે. આ નીચી કક્ષાના દેવ છે, જેથી કિલ્બિષિક કહેવાય છે.

આ રીતે કલ્પોપપન્નના ૧૨ ભેદ+લોકાંતિક દેવોના ૯ ભેદ + કિલ્બિષિકોના ૩ ભેદ = ૨૪ ભેદ થયા.

## કલ્પાતીત

જે દેવોમાં ઈન્દ્ર, સામાનિક, સેનાપતિ વગેરે રૂપ સ્વામિ-સેવક ભાવનો અભાવ છે, એટલે કે જ્યાં બધા દેવ સમાન છે તે કલ્પાતીત કહેવાય છે.

તેના પણ ૧૪ ભેદ નીચે મુજબ છે.

૧૨ દેવલોકની ઉપર ૯ ગ્રૈવેયકવાસી દેવોના વિમાન તથા ૫ અનુત્તર વિમાનવાસી દેવોના વિમાન છે. આ દેવો સર્વ સમાન છે - સ્વામિ-સેવક ભાવથી રહિત છે.

ગ્રૈવેયકવાસી દેવોના ૯ અને અનુત્તર વિમાનવાસી દેવોના ૫ ભેદો મળીને કુલ ૯+૫ = ૧૪ ભેદ થાય છે. તેમના નામ નીચે મુજબ છે.

## નવ ગ્રૈવેયકોના નામ

(૧) સુદર્શન, (૨) સુપ્રતિબદ્ધ, (૩) મનોરમ, (૪) સર્વતોભદ્ર, (૫) સુવિશાલ, (૬) સુમનસ, (૭) સૌમનસ, (૮) પ્રિયંકર અને (૯) નંદિકર

## પાંચ અનુત્તર વિમાનોના નામ

(૧) વિજય, (૨) વૈજયન્ત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ

ઉપરોક્ત રીતે વૈમાનિક દેવોમાં કલ્પોપપન્નના ૨૪ ભેદ અને કલ્પાતીતના ૧૪ ભેદ મળીને ૨૪+૧૪ = ૩૮ ભેદ થાય છે.

### કોષ્ટક નંબર - ૧૬

| દેવોના કુલ ૧૯૮ ભેદ |
|---|
| ભવનપતિ - ૨૫ + વ્યંતર - ૨૬ + જ્યોતિષ્ક - ૧૦ + વૈમાનિક - ૩૮ = ૯૯<br>પર્યાપ્ત અપર્યાપ્ત<br>૯૯ X ૨ = ૧૯૮ |

આ પ્રમાણે એકેન્દ્રિયના ૨૨, વિકલેન્દ્રિયના ૬, નારકના ૧૪, પંચેન્દ્રિય તિર્યંચના ૨૦, મનુષ્યના ૩૦૩ અને દેવતાના ૧૯૮ ભેદોને જોડવાથી સંસારી જીવોના કુલ ૨૨+૬+૧૪+૨૦+૩૦૩+૧૯૮ = ૫૬૩ ભેદ થયા.

## કોષ્ટક નંબર - ૧૭

| સંસારી જીવોના કુલ ભેદ | |
|---|---|
| | ભેદ સંખ્યા |
| એકેન્દ્રિય (સ્થાવર) | ૨૨ |
| વિકલેન્દ્રિય (બેઈ.-તેઈ.-ચઉરિન્દ્રિય) | ૬ |
| નારક | ૧૪ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૨૦ |
| મનુષ્ય | ૩૦૩ |
| દેવ | ૧૯૮ |
| | કુલ સંખ્યા ૫૬૩ |

## ૫૬૩ જીવભેદોની વિચારણા

આ ભેદોની વિચારણા (૧) શરીર = અવગાહના, (૨) આયુષ્ય, (૩) સ્વકાય સ્થિતિ, (૪) પ્રાણ અને (૫) યોનિ પ્રમાણ. આ પાંચ દ્વારોથી કરવી છે.

એટલે કે કયા જીવનું શરીર કેટલું ઊંચુ છે ? આયુષ્ય પ્રમાણ કેટલું છે ? વગેરે વિશે આપણે આગળ જોઈશું.

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ વૈમાનિક દેવોના વિમાન ક્યાં આવેલા છે?

પ્રશ્ન-૨ વૈમાનિક દેવોના વિમાનમાં ઉત્પન્ન થતા દેવોના કેટલા ભેદ છે ? કયા કયા ?

પ્રશ્ન-૩ ૧૨ કલ્પોપપન્ન-દેવલોકોના નામ લખો.

પ્રશ્ન-૪ લોકાંતિક દેવો ક્યાં ઉત્પન્ન થાય છે ?

પ્રશ્ન-૫ ૯ લોકાંતિક દેવોના નામ લખો.

પ્રશ્ન-૬ કિલ્બિષિક દેવોના ત્રણ ભેદ લખો.

પ્રશ્ન-૭ નવ ગ્રૈવેયકના નામ લખો.

પ્રશ્ન-૮ પાંચ અનુત્તર વિમાનોના નામ લખો.

પ્રશ્ન-૯ કલ્પોપપન્ન દેવોના ૨૪ ભેદ સમજાવો.

પ્રશ્ન-૧૦ દેવોના કુલ કેટલા ભેદ છે ? કયા કયા ?

પ્રશ્ન-૧૧ સંસારી જીવોના કુલ કેટલા ભેદ છે ? કયા કયા ?

પ્રશ્ન-૧૨ સંસારી જીવોના ૫૬૩ જીવભેદોની વિચારણા કયા પાંચ દ્વારોથી કરવામાં આવી છે ?

પ્રશ્ન-૧૩ કલ્પોપપન્ન, લોકાંતિક અને કલ્પાતીત દેવ કોને કહેવાય છે ?

---

દુઃખનું
એવું કોઈ રૂપ
નથી કે
જેને
ધીરજ મટાડી
ન શકે.
દોષનું
એવું કોઈ સ્વરૂપ
નથી કે
જેને
પ્રેમ નામશેષ કરી
ન શકે

સત્યને પેદા
કરવાની માણસમાં
તાકાત નથી
પણ સત્યનો
ઈન્કાર કરવાની
એને સ્વતંત્રતા
મળી છે.
અને મળેલી
આ સ્વતંત્રતાએ
જ એને
સત્યદર્શનથી
વંચિત રાખ્યો છે !

# ૮

# અવગાહના

શરીરની ઊંચાઈ અથવા લંબાઈને અવગાહના કહે છે.

આ અવગાહનાના બે પ્રકાર છે. (૧) જઘન્ય તથા (૨) ઉત્કૃષ્ટ.

## જઘન્ય અવગાહના

જઘન્યનો અર્થ છે નાનામાં નાની અવગાહના.

આ જઘન્ય અવગાહના ૫૬૩ ભેદના સર્વજીવોની પોતાની ઉત્પત્તિના પ્રથમ સમયની આંગળીના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.

આંગળી વગેરેનું માપ નીચેના કોષ્ટકથી જાણવું

**કોષ્ટકનંબર - ૧૮**

| માપ | |
|---|---|
| ૮ જવ = ૧ આંગળી | ૧૨ આંગળી = ૧ વેંત |
| ૨ વેંત = ૧ હાથ | ૪ હાથ = ૧ ધનુષ્ય |
| ૨૦૦૦ ધનુષ્ય =૧ કોસ | ૪ કોસ = ૧ યોજન |

## ઉત્કૃષ્ટઅવગાહના

ઉત્કૃષ્ટ અવગાહનાનો અર્થ છે વધુમાં વધુ લંબાઈ કે ઊંચાઈ.

આ ઉત્કૃષ્ટ અવગાહના સર્વ જીવોની અપર્યાપ્ત અવસ્થામાં, સૂક્ષ્મ પૃથ્વીકાય આદિ પાંચેયની બાદર પૃથ્વીકાય આદિ ચાર તથા સાધારણ વનસ્પતિની પર્યાપ્ત અવસ્થામાં પણ આંગળીના અસંખ્યાતમા ભાગ જેટલી સમજવી.

અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે ઉપર જઘન્ય અવગાહનામાં આંગળીનો અસંખ્યાતમો ભાગ જે કહ્યો છે તેની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવગાહનામાં આંગળીનો અસંખ્યાતમો ભાગ અસંખ્યગુણ મોટો જાણવો.

આ જ રીતે અપર્યાપ્ત અવસ્થા અને પર્યાપ્ત અવસ્થાની ઉત્કૃષ્ટ અવગાહના સંબંધી આંગળીના અસંખ્યાતમાં ભાગોના અંતર વિશે જાણવું. બાદર પ્રત્યેક વનસ્પતિ પર્યાપ્તની ઉત્કૃષ્ટ અવગાહના ૧ હજાર યોજન ઊંડા કુંડમાં ઉત્પન્ન થતા કમળની અપેક્ષાએ થાય છે. આ અવગાહના ૧ હજાર યોજનથી કંઈક વધુ છે. સારાંશ નીચે મુજબ છે.

## અપર્યાપ્ત જીવોની ઉત્કૃષ્ટ અવગાહના

સર્વ જીવોની અપર્યાપ્ત અવસ્થામાં ઉત્કૃષ્ટ અવગાહના આંગળીના અસંખ્યાતમા ભાગની છે.

## એકેન્દ્રિય = સ્થાવર જીવોની ઉત્કૃષ્ટ અવગાહના

બાદર પ્રત્યેક વનસ્પતિકાય પર્યાપ્તની ઉત્કૃષ્ટ અવગાહના ૧ હજાર યોજનથી કંઈક વધુ છે. શેષ સર્વ એકેન્દ્રિય = સ્થાવર જીવોની ઉત્કૃષ્ટ અવગાહના આંગળીના અસંખ્યાતમા ભાગની જાણવી.

## વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના

તેમાં બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિયની અનુક્રમે ૧૨ યોજન, ૩ કોસ અને ૧ યોજન જાણવી. આ અવગાહના પર્યાપ્ત ભેદોની છે. ઉપરોક્ત પણ પર્યાપ્ત ભેદોની સમજવી.

**કોષ્ટક નંબર - ૧૯**

| વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના | | |
|---|---|---|
| બેઈંદ્રિય - ૧૨ યોજન | તેઈંદ્રિય-૩ કોસ | ચઉરિંદ્રિય-૧ યોજન |

## નારકજીવોની ઉત્કૃષ્ટઅવગાહના

નારક જીવોની ઉત્કૃષ્ટ અવગાહના જાણવાની સરળ રીત બે પ્રકારની છે.

એક રીતે - નીચેની સાતમી પૃથ્વીના નારક જીવની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની છે. તેનાથી ઉપર ઉપરની પૃથ્વીની અર્ધ-અર્ધ જાણવી, એટલે કે છઠ્ઠી પૃથ્વીના નારકની ૨૫૦ ધનુષ્ય, પાંચમી પૃથ્વીના નારકની ૧૨૫ ધનુષ્ય વગેરે.

બીજી રીતે - ઉપરની પ્રથમ પૃથ્વીના નારકની ઉત્કૃષ્ટ અવગાહના ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ આંગળ છે. તેનાથી નીચે નીચેની પૃથ્વીની બમણી-બમણી કરી લેવી એટલે કે બીજી પૃથ્વીના નારકની ૧૫ ધનુષ્ય, ૨ હાથ અને ૧૨ અંગુલ, ત્રીજી પૃથ્વીની નારકની ૩૧ ધનુષ્ય અને ૧ હાથ વગેરે સમજવી.

### કોષ્ટક નંબર - ૨૦

| નારકજીવોની ઉત્કૃષ્ટઅવગાહના | | | |
|---|---|---|---|
| નરક પૃથ્વી | ધનુષ્ય | હાથ | અંગુલ |
| ૧ | ૭ | ૩ | ૬ |
| ૨ | ૧૫ | ૨ | ૧૨ |
| ૩ | ૩૧ | ૧ | ૦ |
| ૪ | ૬૨ | ૨ | ૦ |
| ૫ | ૧૨૫ | ૦ | ૦ |
| ૬ | ૨૫૦ | ૦ | ૦ |
| ૭ | ૫૦૦ | ૦ | ૦ |

## પંચેન્દ્રિય તિર્યંચ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના

ગર્ભજ અને સમ્મૂર્ચ્છિમ જળચર-મત્સ્યોની ઉત્કૃષ્ટઅવગાહના ૧૦૦૦ યોજન છે.

ગર્ભજ ઉરપરિસર્પની પણ ૧૦૦૦ યોજનની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા જળચર સ્વયંભૂરમણ સમુદ્રમાં, સાપ-નોળીયા આદિ મનુષ્યલોકની બહાર અને ચતુષ્પદ દેવકુરુ-ઉત્તરકુરુમાં હોય છે.

ગર્ભજ તથા સમ્મૂર્ચ્છિમ ખેચરની ઉત્કૃષ્ટ અવગાહના ધનુષ્ય પૃથક્ત્વ એટલે કે ૯ ધનુષ્ય સુધીની હોય છે.

પૃથક્ત્વ શબ્દ ૨ થી ૯ની સંખ્યાને જણાવે છે.

ગર્ભજ ભુજપરિસર્પની ઉત્કૃષ્ટ અવગાહના કોસ પૃથક્ત્વ છે.

સમ્મૂર્ચ્છિમ ભૂજપરિસર્પની આ જ અવગાહના ધનુષ્ય પૃથક્ત્વ જાણવી.

સમ્મૂર્ચ્છિમ ઉરપરિસર્પની ઉત્કૃષ્ટ અવગાહના યોજન પૃથક્ત્વ જાણવી.

સમ્મૂર્ચ્છિમ ચતુષ્પદની આ જ અવગાહના કોસ પૃથક્ત્વ છે.

ગર્ભજ ચતુષ્પદની ૬ કોસ જાણવી.

આ વાતો નીચેના કોષ્ટકમાં સ્પષ્ટ છે.

### કોષ્ટક નંબર - ૨૧

| પંચેન્દ્રિય તિર્યંચ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના | | |
|---|---|---|
| જીવ ભેદ | ગર્ભજ | સમ્મૂર્ચ્છિમ |
| જળચર | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન |
| ઉરપરિસર્પ | ૧૦૦૦ યોજન | યોજન પૃથક્ત્વ |

| | | |
|---|---|---|
| ભુજ પરિસર્પ | કોસ પૃથક્ત્વ | ધનુષ્ય પૃથક્ત્વ |
| ચતુષ્પદ | ૬ કોસ | કોસ પૃથક્ત્વ |
| ખેચર | ધનુષ્ય પૃથક્ત્વ | ધનુષ્ય પૃથક્ત્વ |

## મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના

મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના ૩ કોસ છે, પરંતુ અવાંતર ભેદોથી આ અવગાહના જુદી-જુદી છે.

જેમકે-સમ્મૂર્ચ્છિમ મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના દેવકુરુ-ઉત્તરકુરુ, હરિવર્ષ-રમ્યક્, હૈમવત-હૈરણ્યવત ક્ષેત્ર, અંતર્દ્વીપ તથા મહાવિદેહ ક્ષેત્રમાં નિયત છે જે અનુક્રમે ૩ કોસ, ૨ કોસ, ૧ કોસ, ૮૦૦ ધનુષ્ય અને ૫૦૦ ધનુષ્ય છે. ભરત ક્ષેત્ર અને એરવત ક્ષેત્રમાં કાળના પરિવર્તનની સાથે પરિવર્તનશીલ છે, જે અવસર્પિણી કાળના પ્રથમ, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા આરામાં અનુક્રમે ૩ કોસ, ૨ કોસ, ૧ કોસ, ૫૦૦ ધનુષ્ય, ૭ હાથ અને ૨ હાથ છે.

ઉત્સર્પિણી કાળમાં આ અવગાહનાને ઉલટા ક્રમથી જાણવી.

## દેવોની ઉત્કૃષ્ટ અવગાહના

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા પહેલા-બીજા દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ અવગાહના ૭ હાથ છે.

ત્રીજા-ચોથા, પાંચમા-છઠ્ઠા, સાતમા-આઠમા, ૯ થી ૧૨મા દેવલોક, નવ ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનવાસી દેવોની ઉત્કૃષ્ટ અવગાહના અનુક્રમે ૬, ૫, ૪, ૩, ૨ અને ૧ હાથની છે.

## કોષ્ટકનંબર - ૨૨

| મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના | | | |
|---|---|---|---|
| ભરત-એરવત ક્ષેત્રમાં પરિવર્તન શીલ | | નિયત | અવગાહના |
| ઉત્સર્પિણી ૬ઠ્ઠો આરો | અવસર્પિણી ૧લો આરો | દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્ર | ૩ કોસ |
| " ૫મો " | " ૨જો " | હરિવર્ષ-રમ્યક્ ક્ષેત્ર | ૨ કોસ |
| " ૪થો " | " ૩જો " | હૈમવત-હૈરણ્યવત ક્ષેત્ર | ૧ કોસ |
| " ૩જો " | " ૪થો " | મહાવિદેહ ક્ષેત્ર | ૫૦૦ ધનુષ્ય |
| " ૨જો " | " ૫મો " | | ૭ હાથ |
| " ૧લો " | " ૬ઠ્ઠો " | | ૨ હાથ |
| સદાકાળ | | ૫૬ (છપ્પન) અંતર્દ્વીપ | ૮૦૦ ધનુષ્ય |
| " | સર્વત્ર | સમ્મૂર્ચ્છિમ મનુષ્ય | અંગુલનો અસંખ્યાતમો ભાગ |

## કોષ્ટક નંબર - ૨૩

| દેવોની ઉત્કૃષ્ટ અવગાહના | |
|---|---|
| અવગાહના | |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા ૧લા-૨જા દેવલોકના દેવોની અવગાહના | ૭ હાથ |
| ૩-૪ થા દેવલોકના દેવોની અવગાહના | ૬ હાથ |
| ૫-૬ ઠ્ઠા દેવલોકના દેવોની અવગાહના | ૫ હાથ |
| ૭-૮મા દેવલોકના દેવોની અવગાહના | ૪ હાથ |
| ૯-૧૦-૧૧-૧૨મા દેવલોકના દેવોની અવગાહના | ૩ હાથ |
| નવગ્રૈવેયક દેવલોકના દેવોની અવગાહના | ૨ હાથ |
| અનુત્તર દેવલોકના દેવોની અવગાહના | ૧ હાથ |

ઉપરોક્ત રીતે અવગાહના દ્વાર સંપૂર્ણ થયું.

## હમારે સવાલ આપકે જવાબ.

પ્રશ્ન-૧ અવગાહના એટલે શું ? જઘન્ય અને ઉત્કૃષ્ટનો અર્થ જણાવો.

પ્રશ્ન-૨ આંગળી વગેરેના માપ જણાવો.

પ્રશ્ન-૩ અપર્યાપ્ત, એકેન્દ્રિય-સ્થાવર અને વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના જણાવો.

પ્રશ્ન-૪ નારક જીવોની અને પંચેન્દ્રિય તિર્યંચ જીવોની ઉત્કૃષ્ટ અવગાહના જણાવો.

પ્રશ્ન-૫ મનુષ્ય,સમ્મૂર્છિમ મનુષ્યની અને દેવોની ઉત્કૃષ્ટ અવગાહના જણાવો.

પ્રશ્ન-૬ ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના દરેક ક્ષેત્રમાં કેટલી છે તે જણાવો.

# ૯

# આયુષ્ય

આયુષ્યનો અર્થ છે-શરીરમાં જીવને રહેવાની કાળ મર્યાદા. તેને જાણતા પહેલાં કાળના સ્વરૂપને જાણવું આવશ્યક છે.

## કાળ સ્વરૂપ

કાળના બે પ્રકાર છે (૧) વ્યવહારકાળ અને (૨) નિશ્ચયકાળ.

વ્યવહાર કાળ-સમય, આવલિકા, શ્વાસોચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્ત, દિવસ-રાત આદિ અથવા સેકન્ડ, મિનિટ, કલાક આદિ રૂપ છે.

નિશ્ચયકાળ જીવ-અજીવના વર્તનાદિ પર્યાય રૂપ છે.

અહીં વ્યવહાર કાળથી આયુષ્યનો સંબંધ છે, જેથી તેનું જ વર્ણન સંક્ષેપમાં કરવામાં આવશે.

## વ્યવહાર કાળનું સ્વરૂપ

કેવળજ્ઞાની ભગવાનના જ્ઞાનથી જેના બે વિભાગ ન થઈ શકે તેવા કાળના નિર્વિભાજ્ય અંશને સમય કહે છે.

આંખનો પલકારો થતાં જ અસંખ્ય સમય વ્યતીત થઈ જાય છે. એટલે કે સમય અતિ સૂક્ષ્મ છે.

જીર્ણ વસ્ત્ર, જે ૧ સેકન્ડથી પણ ઓછા કાળમાં ફાડી શકાય છે, તેમાં ૧-૧ના ક્રમથી હજારો સૂતરના દોરા એટલા અલ્પકાળમાં ફાડવામાં આવે છે કે એક દોરાના છેદનમાં સેકન્ડના આ હજારમા ભાગથી પણ ઓછા કાળમાં અસંખ્ય સમય લાગી જાય છે. આ છે સમયની સૂક્ષ્મતા.

ઓછામાં ઓછા આવા ૯ સમયના કાળનું ૧ જઘન્ય અંતર્મુહૂર્ત હોય છે. તથા ૪૮ મિનિટમાં ૧ સમય ઓછા કાળ-માનનો એક ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કહેવાય છે.

નીચે આપેલા કોષ્ટકથી કાળના અનેક ભેદોનું જ્ઞાન કરવું.

## કોષ્ટક નંબર-૨૪

| વ્યવહાર કાળનું કોષ્ટક | |
|---|---|
| કાળનો અવિભાજ્ય અંશ | = ૧ સમય |
| અસંખ્ય સમય | = ૧ આવલિકા |
| ૨૫૬ આવલિકા | = ૧ ક્ષુલ્લક ભવ → જઘન્ય આયુષ્ય |
| ૪૪૪૬ ૧/૨ આવલિકા | = ૧ શ્વાસોચ્છ્વાસ → ૧૭ ૧/૨ ક્ષુલ્લક ભવ |
| ૭ શ્વાસોચ્છ્વાસ | = ૧ સ્તોક |
| ૭ સ્તોક | = ૧ લવ |
| ૩૮ ૧/૨ લવ | = ૧ ઘડી → ૨૪ મિનિટ |
| ૭૭ લવ → ૨ ઘડી | = ૧ મુહૂર્ત → ૪૮ મિનિટ |
| ૩૦ મુહૂર્ત | = ૧ અહોરાત્ર → ૨૪ કલાક |
| ૧૫ અહોરાત્ર | = ૧ પક્ષ |
| ૨ પક્ષ | = ૧ માસ |
| ૨ માસ | = ૧ ઋતુ |
| ૬ માસ | = ૧ અયન → દક્ષિણાયન, ઉત્તરાયણ |
| ૨ અયન ૧૨ માસ | = ૧ વર્ષ |
| ૫ વર્ષ | = ૧ યુગ |
| ૮૪,૦૦,૦૦૦ વર્ષ | = ૧ પૂર્વાંગ |
| ૮૪,૦૦,૦૦૦ પૂર્વાંગ | = ૧ પૂર્વ → ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ |
| અસંખ્ય વર્ષ | = ૧ પલ્યોપમ |

# પલ્યોપમનું સ્વરૂપ

ઉપરોક્ત કોષ્ટકમાં અસંખ્ય વર્ષ = ૧ પલ્યોપમ બતાવ્યું છે.

આ અસંખ્ય સંખ્યાને સમજવા માટે બુદ્ધિ-કલ્પનાથી ૧ યોજન ઊંડો અને એટલા જ વ્યાસનો ગોળાકાર કુવો બનાવવામાં આવે અને યુગલિક નવજાત શિશુઓના વાળના અસંખ્યાતમા ભાગના અસંખ્ય ટુકડા કરવામાં આવે. આવા અસંખ્ય ટુકડાઓથી આ કુવો ઠસાઠસ ભરવામાં આવે.

હવે આ કુવામાંથી ૧-૧ ટુકડો ૧૦૦-૧૦૦ વર્ષના અંતરે નીકાળવાથી જેટલા વર્ષે આ કુવો ખાલી થાય તેટલા કાળને ૧ પલ્યોપમ કહે છે.

આવા ૧૦ કોટાકોટી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

૧ કરોડને ૧ કરોડથી ગુણવાથી જે ગુણનફળ આવે તેને કોટાકોટી કહે છે, એટલે કે એકની સંખ્યાની આગળ ૧૪ શૂન્ય સમજવી.

૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ આવા ૧૦ કોટાકોટી સાગરોપમને ૧ ઉત્સર્પિણી કહે છે. એટલો જ અવસર્પિણીનો કાળ સમજવો.

૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી મળીને ૧ કાળચક્ર બને છે અને આવા અનંત કાળચક્રોનું ૧ પુદ્ગલ-પરાવર્ત કહેવાય છે.

આવા અનંત પુદ્ગલ પરાવર્ત જેટલો ભૂતકાળ પસાર થઈ ચૂક્યો છે. ભવિષ્યકાળ ભૂતકાળની અપેક્ષાએ અનંત ગણો છે.

અસંખ્ય વર્ષના આયુષ્ય કાળને તથા જીવોની કાયસ્થિતિને જાણવા માટે આ પલ્યોપમ, સાગરોપમ તથા ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલ પરાવર્તનો ઉપયોગ કરવામાં આવે છે.

## કોષ્ટક નંબર - ૨૫

| પલ્યોપમ-સાગરોપમ-ઉત્સર્પિણી આદિ | |
|---|---|
| ૧૦ કોટાકોટી પલ્યોપમ | = ૧ સાગરોપમ |
| ૧૦ કોટાકોટી સાગરોપમ | = ૧ ઉત્સર્પિણી → ૧ અવસર્પિણી |
| ૧ ઉત્સર્પિણી + ૧ અવસર્પિણી | = ૧ કાળચક્ર |
| અનંત કાળચક્ર | = ૧ પુદ્ગલ પરાવર્ત |
| અનંત પુદ્ગલ પરાવર્ત | = ૧ ભૂતકાળ |

## હમારે સવાલ આપકે જવાબ.

પ્રશ્ન-૧ આયુષ્યનો અર્થ જણાવો.
પ્રશ્ન-૨ કાળ કેટલા પ્રકારના છે ? કયા-કયા ?
પ્રશ્ન-૩ વ્યવહાર અને નિશ્ચય કાળ કેવો છે ?
પ્રશ્ન-૪ સમયની વ્યાખ્યા આપી તેની સૂક્ષ્મતા સમજાવો.
પ્રશ્ન-૫ વ્યવહાર કાળનું કોષ્ટક વર્ણવો.
પ્રશ્ન-૬ ૧ પલ્યોપમની સમજ આપો.
પ્રશ્ન-૭ પલ્યોપમ-સાગરોપમ આદિનું કોષ્ટક વર્ણવો.

---

જ્ઞાનને અનંત જ્ઞાનીઓએ
સ્વ-પર પ્રકાશક કહ્યું છે છતાં આપણને
જ્ઞાનોપાર્જનમાં રસ નથી
અને ક્રોધને અનંત જ્ઞાનીઓએ
સ્વ-પર ઘાતક કહ્યો છે
છતાં એનાથી મુક્ત થવા આપણે તૈયાર
નથી. કરૂણતા જ છે ને ?

# ૧૦

# આયુષ્ય દ્વાર

ભવનપતિ અને વ્યંતર દેવોનું તથા નરકના જીવોનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે.

જ્યોતિષ્ક તથા વૈમાનિક દેવોનું જઘન્ય આયુષ્ય અનુક્રમે પલ્યોપમનો આઠમો ભાગ અને ૧ પલ્યોપમ છે. તથા

તિર્યંચ મનુષ્યોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત છે.

સૂક્ષ્મ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિના પર્યાપ્ત અને અપર્યાપ્તના ૧૦ જીવ ભેદોનું, બાદર સાધારણ વનસ્પતિકાયના પર્યાપ્ત અને અપર્યાપ્ત ૨ જીવભેદોનું તથા બાદર પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્ત ભેદોનું એટલે કે એકેન્દ્રિયના કુલ ૧૭ ભેદોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે.

બાકીના બાદર પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને પ્રત્યેક વનસ્પતિના અનુક્રમે ૨૨,૦૦૦ વર્ષ, ૭,૦૦૦ વર્ષ, ૩ અહોરાત્ર, ૩,૦૦૦ વર્ષ અને ૧૦,૦૦૦ વર્ષ છે.

અપર્યાપ્ત એકેન્દ્રિય જીવભેદોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે.

આ જ રીતે તિર્યંચ અને મનુષ્યભેદોમાં પણ અપર્યાપ્ત જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્ત જાણવું.

વિકલેન્દ્રિય જીવોમાં બેઈંદ્રિયનું ૧૨ વર્ષ, તેઈંદ્રિયનું ૪૯ દિવસ અને ચઉરિંદ્રિયનું ૬ માસ ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું.

## કોષ્ટકનંબર - ૨૭

| એકેન્દ્રિય-સ્થાવર જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | | | | |
|---|---|---|---|---|
| | સૂક્ષ્મ અપર્યાપ્ત | સૂક્ષ્મ પર્યાપ્ત | બાદર અપર્યાપ્ત | બાદર પર્યાપ્ત |
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |
| અપ્કાય | " | " | " | ૭,૦૦૦ વર્ષ |
| તેઉકાય | " | " | " | ૩ અહોરાત્ર |
| વાયુકાય | " | " | " | ૩,૦૦૦ વર્ષ |
| સાધા. વન. કાય. | " | " | " | અંતર્મુહૂર્ત |
| પ્રત્યેક.વન.કાય. | × | × | " | ૧૦,૦૦૦ વર્ષ |

## કોષ્ટક નંબર - ૨૭

| વિકલેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | |
|---|---|
| બેઈંદ્રિય | ૧૨ વર્ષ |
| તેઈંદ્રિય | ૪૯ દિવસ |
| ચઉરિંદ્રિય | ૬ માસ |

## નારક જીવોનું આયુષ્ય

નારક જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રથમ નારક પૃથ્વીથી સાતમી નારક પૃથ્વીનું અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨ અને ૩૩ સાગરોપમ છે.

અહીં ધ્યાન રાખવું કે પ્રથમ પૃથ્વીનું ઉત્કૃષ્ટ આયુષ્ય બીજી પૃથ્વીનું જઘન્ય થાય. બીજી પૃથ્વીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રીજી પૃથ્વીનું જઘન્ય થાય. આ જ રીતે સાતમી પૃથ્વી સુધી જાણવું. પ્રથમ પૃથ્વીનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે, જે નીચેના કોષ્ટક મુજબ છે.

## કોષ્ટક નંબર-૨૮

| નારક જીવોનું આયુષ્ય | | |
|---|---|---|
| પૃથ્વી | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| પ્રથમ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| બીજી | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ત્રીજી | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ચોથી | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| પાંચમી | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| છઠ્ઠી | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| સાતમી | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

## તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

તિર્યંચ પંચેન્દ્રિયના ગર્ભજ ભેદોમાં ચતુષ્પદનું ૩ પલ્યોપમ, ઉર પરિસર્પ-ભુજપરિસર્પ અને જળચરનું ૧-૧ કરોડ પૂર્વ તથા ખેચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું જાણવું.

સમ્મૂર્ચ્છિમ ભેદોમાં ચતુષ્પદ, ઉર પરિસર્પ, ભુજ પરિસર્પ, જળચર અને ખેચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે ૮૪,૦૦૦ વર્ષ, ૫૩,૦૦૦ વર્ષ, ૪૨,૦૦૦ વર્ષ, ૧ કરોડ પૂર્વ અને ૭૨,૦૦૦ વર્ષ જાણવું.

### કોષ્ટક નંબર-૨૯

| તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | | |
|---|---|---|
| જીવભેદ | ગર્ભજ | સમ્મૂર્ચ્છિમ |
| ચતુષ્પદ | ૩ પલ્યોપમ | ૮૪,૦૦૦ વર્ષ |
| ઉરપરિસર્પ | ૧ કરોડ પૂર્વ | ૫૩,૦૦૦ વર્ષ |
| ભુજપરિસર્પ | ૧ કરોડ પૂર્વ | ૪૨,૦૦૦ વર્ષ |
| જળચર | ૧ કરોડ પૂર્વ | ૧ કરોડ પૂર્વ |
| ખેચર | પલ્યોપમનો અસંખ્યામો ભાગ | ૭૨,૦૦૦ વર્ષ |

## મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય

મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ છે. છતાં પણ ક્ષેત્ર અને કાળના ભેદથી ઉત્કૃષ્ટ આયુષ્યના અનેક ભેદ થઈ જાય છે.

જેમકે-સમ્મૂર્ચ્છિમ મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે.

અવગાહનાની જેમ ઉત્કૃષ્ટ આયુષ્ય પણ દેવકુરુ, ઉત્તરકુરુ, હરિવર્ષ-રમ્યક્, હૈમવત-હેરણ્યવત ક્ષેત્ર, અંતર્દ્વીપ તથા મહાવિદેહ

ક્ષેત્રમાં અનુક્રમે ૩ પલ્યોપમ, ૨ પલ્યોપમ, ૧ પલ્યોપમ, પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ૧ કરોડ પૂર્વ નિશ્ચિત છે.

ભરત ક્ષેત્ર અને એરવત ક્ષેત્રમાં કાળના પરિવર્તનથી પરિવર્તનશીલ છે.

જેમકે - અવસર્પિણી કાળમાં પ્રથમ, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા આરામાં અનુક્રમે ૩ પલ્યોપમ, ૨ પલ્યોપમ, ૧ પલ્યોપમ, ૧ કરોડ પૂર્વ, ૧૩૦ વર્ષ અને ૨૦ વર્ષ છે.

ઉત્સર્પિણી કાળમાં ઉપરોક્ત આયુષ્યનો ઉલટો ક્રમ સમજવો.

## દેવોનું આયુષ્ય

### ભવનપતિ

ભવનપતિ દેવોની અસુરકુમાર આદિ ૧૦ જાતિઓ છે કે જે ઉત્તર અને દક્ષિણ દિશાના ભેદથી વિભક્ત છે. આ સર્વેનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે.

ઉત્તર દિશાના અસુરકુમારોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ સાગરોપમથી કંઈક વધુ જાણવું.

દક્ષિણ દિશાના અસુરકુમારોનું ૧ સાગરોપમ જાણવું.

બાકીના નાગકુમાર આદિ ૯ જાતિના ઉત્તર દિશાના દેવોનું ૨ પલ્યોપમથી કંઈક ઓછું છે તથા

દક્ષિણ દિશા વાસીઓનું ૧॥ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે.

## કોષ્ટકનંબર-30

| મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય | | | |
|---|---|---|---|
| ભરત-એરવત ક્ષેત્રમાં પરિવર્તનશીલ | | નિશ્ચિત આયુષ્ય ક્ષેત્ર | આયુષ્ય |
| ઉત્સર્પિણી ૬ ઠ્ઠો આરો | અવસર્પિણી ૧ લો આરો | દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્ર | ૩ પલ્યોપમ |
| " ૫ મો " | " ૨ જો " | હરિવર્ષ-રમ્યક્ ક્ષેત્ર | ૨ પલ્યોપમ |
| " ૪ થો " | " ૩ જો " | હૈમવત-હિરણ્ય ક્ષેત્ર | ૧ પલ્યોપમ |
| " ૩ જો " | " ૪ થો " | મહાવિદેહ ક્ષેત્ર | ૧ કરોડ પૂર્વ |
| " ૨ જો " | " ૫ મો " | - | ૧૩૦ વર્ષ |
| " ૧ લો " | " ૬ ઠ્ઠો " | - | ૨૦ વર્ષ |
| | | ૫૬ અંતર્દ્વીપ | પલ્યોપમનો અસં.ભાગ |
| | | સમ્મૂર્ચ્છિમ મનુષ્ય | અંતર્મુહૂર્ત |

### કોષ્ટકનંબર-૩૧

| ભવનપતિ દેવોનું આયુષ્ય | | | |
|---|---|---|---|
| નામ | જઘન્ય | ઉ.ના દેવોનું ઉત્કૃષ્ટ આયુ. | દ. ના દેવોનું ઉત્કૃષ્ટ આયુ. |
| અસુરકુમાર દેવોનું | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમથી કંઈક વધુ | ૧ સાગરોપમ |
| નાગકુમાર આદિ જાતિના દેવોનું | ૧૦,૦૦૦ વર્ષ | ૨ પલ્યોપમથી કંઈક ઓછું | ૧.૧/૨ પલ્યોપમ |

## વ્યંતર

આ જાતિના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે.

### કોષ્ટકનંબર-૩૨

| વ્યંતર દેવોનું આયુષ્ય | |
|---|---|
| જઘન્ય | ૧૦,૦૦૦ વર્ષ |
| ઉત્કૃષ્ટ | ૧ પલ્યોપમ |

## જ્યોતિષ્ક

આ દેવોનું જઘન્ય આયુષ્ય ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રનું ૧ પલ્યોપમના ચોથા ભાગ તથા તારાનું ૧ પલ્યોપમના આઠમા ભાગનું છે.

ચંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ અને ૧,00,000 વર્ષ વધુ છે.

સૂર્યનું ૧ પલ્યોપમ અને ૧000 વર્ષ વધુ છે.

ગ્રહનું ૧ પલ્યોપમ, નક્ષત્રનું ૧/૨ પલ્યોપમ અને તારાનું ૧/૪ પલ્યોપમ છે.

### કોષ્ટક નંબર-33

| જ્યોતિષ્કદેવોનું આયુષ્ય | | |
|---|---|---|
| નામ | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
| ચંદ્ર | ૧ પલ્યોપમ + ૧,00,000 વર્ષ | ૧/૪ પલ્યોપમ |
| સૂર્ય | ૧ પલ્યોપમ + ૧000 વર્ષ | ૧/૪ પલ્યોપમ |
| ગ્રહ | ૧ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| નક્ષત્ર | ૧/૨ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| તારા | ૧/૪ પલ્યોપમ | ૧/૮ પલ્યોપમ |

## વૈમાનિક

આ દેવોનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે, છતાં પણ અવાંતર ભેદથી ભિન્ન છે,

જેમકે......

પહેલા દેવલોકનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમ,

બીજા દેવલોકનું ૧ પલ્યોપમથી કંઈક વધુ,

ત્રીજા દેવલોકનું ૨ સાગરોપમ અને,

ચોથા દેવલોકનું જઘન્ય આયુષ્ય ૨ સાગરોપમથી કંઈક વધુ

છે.

પાંચમાથી અનુત્તર વિમાનવાસી દેવોનું જઘન્ય આયુષ્ય પોતાની નીચેના દેવોનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય હોય તે જ સમજવું.

જેમકે......

ચોથા દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ સાગરોપમથી કંઈક વધુ છે, તો તે જ પાંચમા દેવલોકનું જઘન્ય આયુષ્ય છે.

વૈમાનિક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પ્રથમ દેવલોકથી બારમા દેવલોક સુધી અનુક્રમે ૨ સાગરોપમ, ૨ સાગરોપમથી કંઈક વધુ, ૭ સાગરોપમ, ૭ સાગરોપમથી કંઈક વધુ, ૧૦, ૧૪, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ સાગરોપમ જાણવું.

નવગ્રૈવેયકનું પહેલી ગ્રૈવેયકથી નવમી ગ્રૈવેયક સુધી અનુક્રમે ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ સાગરોપમ છે.

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત આ ચારેય અનુત્તર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૨ સાગરોપમ છે.

પાંચમા સર્વાર્થસિદ્ધ અનુત્તરવિમાનવાસી દેવોનું ૩૩ સાગરોપમ છે.

## કોષ્ટકનંબર-૩૪

| વૈમાનિકદેવોનું આયુષ્ય | | |
|---|---|---|
| ભેદ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧લું સૌધર્મ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨જું ઈશાન | ૧ પલ્યો પમ થી કંઈક વધુ | ૨ સાગરોપમ થી કંઈક વધુ |
| ૩જું સનત્કુમાર | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪થું માહેન્દ્ર | ૨ સાગરોપમ | ૭ સાગરોપમથી |

| | | |
|---|---|---|
| | થી કંઈક વધુ | કંઈક વધુ |
| ૫મું બ્રહ્મલોક | ૭ સાગરોપમથી કંઈક વધુ | ૧૦ સાગરોપમ |
| ૬ઠ્ઠું લાન્તક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૭મું મહાશુક્ર | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૮મું સહસ્રાર | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૯મું આનત | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૦ મું પ્રાણત | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૧ મું આરણ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૨મું અચ્યુત | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

| ભેદ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧લું ગ્રૈવેયક | ૨૨સાગરોપમ | ૨૩સાગરોપમ |
| ૨જું ગ્રૈવેયક | ૨૩સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ૩ જું ગ્રૈવેયક | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૪ થું ગ્રૈવેયક | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૫મું ગ્રૈવેયક | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૬ ઠ્ઠું ગ્રૈવેયક | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૭ મું ગ્રૈવેયક | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૮ મું ગ્રૈવેયક | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |

| | | |
|---|---|---|
| ૯ મું ગ્રૈવેયક | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| વિજય,વૈજયંત જયંત, અપરાજિત | ૩૧ સાગરોપમ | ૩૨ સાગરોપમ |
| સર્વાર્થ સિદ્ધ | ૩૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ એકેન્દ્રિય-સ્થાવર જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૨ વિકલેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૩ નારકજીવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૪ તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૫ મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૬ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.
પ્રશ્ન-૭ વૈમાનિક દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવો.

---

**સમુદ્રનો વિરોધ કરનારી નદી
જો સુકાઈ જાય છે
તો
પરમાત્માનો
વિરોધ કરનારો આત્મા
પણ જીવનનો
ઉત્સાહ ગુમાવી બેસે છે.**

# ૧૧

# કાયસ્થિતિ

કાયસ્થિતિનો અર્થ છે-વારંવાર મૃત્યુ પામીને તે જ પ્રકારની કાયામાં લગાતાર અમુક કાળર્યાદા સુધી જન્મ લેતા રહેવું.

આ કાય સ્થિતિના પણ બે ભેદ છે.

(૧) જઘન્ય અને (૨) ઉત્કૃષ્ટ.

દેવ અને નારક જીવોને જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૧ ભવની જ છે.

કારણ કે,

દેવ-નારક ચ્યવન કરીને અર્થાત્ આયુષ્ય સંપૂર્ણ કરીને તરત જ બીજા ભવમાં દેવ-નારક રૂપે ઉત્પન્ન થતા નથી,

પરંતુ,

મનુષ્ય અથવા તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે.

મનુષ્ય અને તિર્યંચ જીવોની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

એકેન્દ્રિયાદિ જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ નીચે મુજબ જુદી-જુદી છે.

પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાયની પ્રત્યેકની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી પ્રમાણ છે. એટલે કે અસંખ્ય કાળચક્ર પ્રમાણ છે.

અનંત વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંત કાળચક્ર પ્રમાણ છે.

બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિયની કાયસ્થિતિ અનુક્રમે

સંખ્યાત વર્ષ, સંખ્યાત દિવસ ને સંખ્યાત માસ છે.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૭-૮ ભવ છે.

## કોષ્ટકનંબર-૩૬

| ઉત્કૃષ્ટકાયસ્થિતિ | |
|---|---|
| પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-પ્રત્યેક વનસ્પતિકાય | અસંખ્ય કાળચક્ર |
| સાધારણ = અનંત વનસ્પતિકાય | અનંત કાળચક્ર |
| બેઈંદ્રિય | સંખ્યાત વર્ષ |
| તેઈંદ્રિય | સંખ્યાત દિવસ |
| ચઉરિંદ્રિય | સંખ્યાત માસ |
| પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય | ૭-૮ ભવ |
| દેવ અને નારક | ૧ ભવ |

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ કાયસ્થિતિ એટલે શુ ?

પ્રશ્ન-૨ કાયસ્થિતિના કેટલા ભેદ છે ? ક્યા-ક્યા ?

પ્રશ્ન-૩ એકેન્દ્રિયાદિ જીવોની કાયસ્થિતિ જણાવો.

પ્રશ્ન-૪ દેવ અને નારક જીવોની કાયસ્થિતિ જણાવો.

પ્રશ્ન-૫ મનુષ્ય અને તિર્યંચ જીવોની જઘન્ય કાયસ્થિતિ જણાવો.

---

માણસની બાહ્ય પડતીમાં કદાચ
દુશ્મન કારણ બની શકે છે પણ
અભ્યન્તર પતન તો બહુધા
પ્રલોભનને જ આભારી હોય છે.

# ૧૨

# પ્રાણ

કાયસ્થિતિ પછી પ્રાણદ્વાર છે. આ પ્રાણ બે પ્રકારના છે.

(૧) ભાવપ્રાણ અને (૨) દ્રવ્યપ્રાણ

ભાવ પ્રાણ જીવના સહજ અને શાશ્વત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ ગુણ છે.

દ્રવ્ય પ્રાણ સંસારી જીવની જીવન શક્તિ કહેવાય છે. તેના ૧૦ પ્રકાર છે.

સંસારી અવસ્થામાં જીવોની યોગ્યતા અનુસાર ઉત્પત્તિકાળમાં તેમનો ૪,૬,૭,૮,૯,૧૦ની કોઈ એક સંખ્યામાં સંયોગ થાય છે અને આ પ્રાણોના વિયોગને સંસારી જીવનું મૃત્યુ કહે છે.

આ અનાદિ સંસારમાં ધર્મથી વિમુખ જીવોએ અનંતવાર આવું મૃત્યુ મેળવ્યું છે, તે પ્રાણ નીચે મુજબ છે.

**૫ ઈન્દ્રિય-** (૧) સ્પર્શેન્દ્રિય-ચામડી, (૨) રસનેન્દ્રિય-જીભ, (૩) ઘ્રાણેન્દ્રિય-નાક , (૪) ચક્ષુરિન્દ્રિય-આંખ અને (૨) શ્રોત્રેન્દ્રિય-કાન.

**૩ બળ -** (૧) કાય બળ, (૨) વચન બળ અને (૩) મનોબળ.

**૧ શ્વાસોચ્છ્વાસ, ૧ આયુષ્ય.**

આમ, ૫+૩+૧+૧ = ૧૦ પ્રાણ થયા.

એકેન્દ્રિય સ્થાવર જીવોને સ્પર્શેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય મળીને કુલ ૪ પ્રાણ હોય છે.

બેઈંદ્રિયમાં ઉપરોક્ત ચાર પ્રાણોની સાથે રસનેન્દ્રિય અને વચનબળ મળીને કુલ ૬ પ્રાણ થાય છે.

તેઈંદ્રિયમાં ઉપર બતાવેલ ૬ પ્રાણની સાથે ઘ્રાણેન્દ્રિય મળીને ૭ પ્રાણ હોય છે.

ચઉરિંદ્રિયને ઉપરોક્ત ૭ની સાથે ચક્ષુરિંદ્રિય જોડતાં ૮ પ્રાણ થાય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિયને ઉપર ગણેલા ૮ પ્રાણોની સાથે શ્રોત્રેન્દ્રિય વધી જવાથી ૯ પ્રાણ થાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિયને ઉપર બતાવેલા ૯ તથા મનોબળ ઉમેરતાં કુલ ૧૦ પ્રાણ થાય છે.

સંજ્ઞી એટલે કે સંજ્ઞાવાળા. સંજ્ઞાનો અર્થ છે- ભૂત-ભવિષ્યના કાર્ય કારણ ભાવને વિચારવાની શક્તિ.

દેવ અને નારક જીવોને મનોબળ રૂપ આ સંજ્ઞા અવશ્ય પ્રાપ્ત થાય છે. જેથી તેઓ સંજ્ઞી જ હોય છે.

પરંતુ,

મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં આવા પણ જીવ હોય છે કે, જેમને મનોબળ રૂપ સંજ્ઞાની પ્રાપ્તિ જ હોતી નથી. આવા જીવ અસંજ્ઞી કહેવાય છે.

વળી એવા પણ જીવ છે કે જેને મનોબળ રૂપ સંજ્ઞાની પ્રાપ્તિ થાય છે, તે સંજ્ઞી કહેવાય છે.

## કોષ્ટક નંબર-૩૭

| પ્રાણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રાણ | એકેન્દ્રિય | બેઈંદ્રિય | તેઈંદ્રિય | ચઉરિંદ્રિય | અસંજ્ઞી પંચેન્દ્રિય | સંજ્ઞી પંચેન્દ્રિય |
| સ્પર્શેન્દ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| રસનેન્દ્રિય | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ઘ્રાણેન્દ્રિય | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ચક્ષુરિન્દ્રિય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| શ્રોત્રેન્દ્રિય | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| કાયબળ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| વચનબળ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| મનોબળ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| આયુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| શ્વાસોચ્છ્વાસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| કુલ પ્રાણ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ પ્રાણના કેટલા પ્રકાર છે ? કયા-કયા ?

પ્રશ્ન-૨ દ્રવ્ય પ્રાણના કેટલા પ્રકાર છે ? કયા-કયા ?

પ્રશ્ન-૩ ભાવપ્રાણ અને દ્રવ્યપ્રાણ એટલે શું ?

પ્રશ્ન-૪ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને કેટ-કેટલા પ્રાણ હોય છે ? કયા-કયા ?

પ્રશ્ન-૫ સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને કેટલા પ્રાણ હોય છે ? કયા-કયા ?

પ્રશ્ન-૬ સંજ્ઞી અને અસંજ્ઞી એટલે શું ?

પ્રશ્ન-૭ દેવ અને નારક જીવો સંજ્ઞી જ હોય છે. કઈ રીતે ?

---

વિચારણામાં
કદાચ ભૂતકાળ, ભવિષ્યકાળ
અને વર્તમાનકાળને
તમે સામેલ કરી શકશો
પણ આચરણ માટે
તો તમારે વર્તમાનકાળ જ
પકડવો પડશે.
વર્તમાનની અવગણના એ
હકીકતમાં તો આચરણની
અવગણના જ છે.

# ૧૩

# યોનિ-પ્રમાણ

અંતિમ દ્વાર યોનિ-પ્રમાણ છે.

યોનિનો અર્થ છે- જીવોનું ઉત્પત્તિસ્થાન.

આવા અનેક સ્થાન પણ જો સમાન રૂપ-રસ-ગંધ-સ્પર્શવાળા પુદ્‍ગલોના હોય તો એક જ યોનિસ્થાન ગણાય છે. આવી યોનિઓ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાય પ્રત્યેકની ૭-૭ લાખ છે.

પ્રત્યેક વનસ્પતિ અને સાધારણ વનસ્પતિની અનુક્રમે ૧૦ લાખ અને ૧૪ લાખ છે.

બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિય પ્રત્યેકની ૨-૨ લાખ છે.

દેવ, નારક અને તિર્યંચ પંચેન્દ્રિય પ્રત્યેકની ૪-૪ લાખ છે. મનુષ્યની ૧૪ લાખ છે.

આ પ્રમાણે કુલ ૮૪ લાખ યોનિઓ છે.

## કોષ્ટકનંબર-૩૮

| યોનિ પ્રમાણ | | | |
|---|---|---|---|
| જીવ | લાખયોનિ | જીવ | લાખયોનિ |
| પૃથ્વીકાય | ૭ | બેઈંદ્રીય | ૨ |
| અપ્કાય | ૭ | તેઈંદ્રિય | ૨ |
| તેઉકાય | ૭ | ચઉરિંદ્રિય | ૨ |
| વાયુકાય | ૭ | પંચેન્દ્રિય | ૪ |
| પ્રત્યેક વન. | ૧૪ | દેવ | ૪ |

| | | | |
|---|---|---|---|
| સાધા.વન. | ૧૪ | નારક | ૪ |
| | | મનુષ્ય | ૧૪ |

ઉપર મુજબ સંસારી જીવોનું આપણને સંક્ષેપમાં જ્ઞાન થયું.

જ્ઞાનના ફળ સ્વરૂપ યથાશક્તિ તેમની હિંસાથી આપણે બચવું જોઈએ. એટલું જનહીં, પરંતુ તેમની રક્ષા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ જ જીવોની રક્ષારૂપ સંયમજીવનના પાલનથી અનંત આત્માઓ દુઃખ અને દુઃખના કારણભૂત જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મોના બંધનથી સર્વથા મુક્ત થયા છે અને થતા રહેશે.

## સિદ્ધ જીવ

સિદ્ધ પરમાત્માઓને દેહ નથી, આયુષ્ય કર્મ નથી, પ્રાણ નથી અને યોનિ પણ નથી. તે સાદિ-અનંત સ્થિતિના સ્વામી છે.

તે સિદ્ધ પરમાત્મા શુભા-શુભ કર્મોના ફલ-ભોગરૂપ સંકલેશથી રહિત છે.

તેમને ઈન્દ્રિયજનિત સુખ નથી કે દુઃખ નથી.

તેઓ જ્ઞાન અને સહજ આનંદથી ભરપૂર છે.

આયુષ્ય કર્મના અભાવથી તેઓ અક્ષય અને અનંત સ્થિતિને પામ્યા છે, તેથી અજર છે, અમર છે.

તેમને વ્યાધિ નથી, રોગ નથી, પ્રિયનો વિયોગ નથી, અપ્રિયનો સંયોગ નથી, ભૂખ નથી, તરસ નથી, રાગ નથી , દ્વેષ નથી, ક્રોધ નથી, માન નથી, માયા નથી, લોભ નથી, ભય નથી કે કોઈનો ઉપદ્રવ નથી.

પરંતુ,

સર્વજ્ઞ, સર્વદર્શી નિરૂપમ સુખથી સંપન્ન ત્રિલોકીના મસ્તક ઉપર મુકુટ સમાન મોક્ષમાં બિરાજમાન છે.

વાહ ! વાહ ! વાહ ! ધન્ય ! ધન્ય ! ધન્ય !

તે સુંદર સ્થિતિને. પલ-પલ એ જ સ્થિતિની ઝંખના.

હે વાચક ! આટલું વાંચન કર્યા પછી આ જગતના સર્વે જીવો આવી સ્થિતિને પામે એ જ ઈચ્છા રાખવા યોગ્ય છે વિશેષ કાંઈ નહિ

ઉપર મુજબ સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ પ્રત્યેક જીવનું પોતાનું સ્વરૂપ છે,

પરંતુ,

શ્રી જિનેશ્વર દેવના ઉપદેશ રૂપ ધર્મની પ્રાપ્તિ વિના જીવ આ ભીષણ અને ૮૪ લાખ યોનિઓના ગહન ભવરૂપી વનમાં અનાદિ કાળથી ભટકી રહ્યો છે અને ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી ધર્મની પ્રાપ્તિ વિના ભટકતો રહેશે.

તેથી જ, હે મહાનુભાવો ! ભવ્યાત્માઓ ! દુર્લભ મનુષ્ય જન્મ અને તત્ત્વ શ્રદ્ધાનો યોગ છે તો આપશ્રી જિનેશ્વરદેવના ધર્મમાં ઉદ્યમ કરો અને સિદ્ધ લક્ષ્મીને વરો.....

## હમારે સવાલ આપકે જવાબ

પ્રશ્ન-૧ યોનિનો અર્થ જણાવો

પ્રશ્ન-૨ જીવની કુલ કેટલી યોનિઓ છે ? ગણતરી કરો.

પ્રશ્ન-૩ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયની પ્રત્યેકની કેટલી યોનિઓ છે ?

પ્રશ્ન-૪ પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયની યોનિઓ જણાવો.

પ્રશ્ન-૫ બેઈન્દ્રિય,તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયની યોનિઓ કેટલી છે ?

પ્રશ્ન-૬ દેવ, નારક અને તિર્યંચ પંચેન્દ્રિયની કેટલી યોનિઓ છે ?

પ્રશ્ન-૭ મનુષ્યની કેટલી યોનિઓ છે ?

પ્રશ્ન-૮ તમામ જીવોનું જ્ઞાન મેળવ્યાનું ફળ જણાવો.

પ્રશ્ન-૯ સિદ્ધ જીવોને શું નથી ? શું છે ? તેઓ કેવા છે ?

પ્રશ્ન-૧૦ આ પુસ્તક વીશે ટુંકમાં તમારો અભિપ્રાય જણાવો.

આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

## પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની

## લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૨૬. કૌન બનેગા ગુરુગુણ જ્ઞાની (ગુજરાતી)
૨૭. સુબોધ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા (પ્રાકૃત બુક)
૨૮. જૈન ઇતિહાસ (હિન્દી)
૨૯. જૈન ઇતિહાસ (ગુજરાતી)
૩૦. જૈન ઈતિહાસ (અગ્રેજી)
૩૧. જૈન શ્રાવકાચાર (હિન્દી)
૩૨. જૈન શ્રાવકાચાર (ગુજરાતી)
૩૩. જીવ સે શિવ તક (હિન્દી)
૩૪. તત્ત્વકી વેબસાઇટ (હિન્દી)
૩૫. ઓધો છે અણમૂલો (દિક્ષા ગીત સંગ્રહ)
૩૬. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૧ (પોકેટ સાઇઝ)
૩૭. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૨ (પોકેટ સાઇઝ)
૩૮. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૩ (પોકેટ સાઇઝ)
૩૯. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૪ (પોકેટ સાઇઝ)
૪૦. શ્રાદ્ધવિધિ પ્રકરણ (હિન્દી)
૪૧. ન્યાય સિદ્ધાંતના મૂળભૂત ૧૦૮ નિયમો
૪૨. સપ્તતિશતસ્થાનપ્રકરણ (પ્રતાકાર)
૪૩. દશાશ્રુતસ્કંધ સૂત્ર (નવ્ય ટીકા સહિત)
૪૪. પંચકલ્પભાષ્ય (નવ્ય ટીકા સહિત)
૪૫. ભગવતીસૂત્ર (અનુવાદ ભાગ ૧ સે ૪)
૪૬. જૈન ધર્મ કે વિવિધ પ્રશ્નોત્તર
૪૭. આગમ સારોદ્ધાર
૪૮. જીવવિચારદિ પ્રકરણ ચતુષ્ટયમ્ (ટીકા સહિત)
૪૯. ભાવશ્રમણ
૫૦. વિશેષણવતી (સટીક)

વૈરાગ્યવારિધિ
પૂ.આ. કુલચંદ્રસૂરિ મહારાજા
50 સંયમ સુવર્ણ વર્ષ
૨૦૨૩ - ૨૦૭૩

શ્રી પ્રેમસૂરિ-સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ
(૨૦૨૪-૨૦૭૪)

જીવોના સ્વરૂપના જ્ઞાન વિના
જીવદયા શક્ય નથી
જીવદયા જીવનમાં આવ્યા વિના
મુક્તિ શક્ય નથી
તેથી જીવના સ્વરૂપનું
જ્ઞાન કરાવતી આ પુસ્તક
એટલે જ

**જીવ થી શિવ તરફ**

Rajul Arts
9769791990